
# આત્મધર્મ

માસિક : વર્ષ-૯ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૧૪



ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં શ્રમણોત્તમ શ્રી કુંદકુંદમુનિરાજનો આચાર્યપદારોહણનો ભવ્ય સમારોહ

દિગમ્બર મુનિઓ એટલે પંચ પરમેષ્ઠીમાં ભળેલા ભગવંતસ્વરૂપ. અહાહા ! કુંદકુંદાચાર્યભગવાને કહ્યું છે કે, અરિહંતભગવંતથી માંડીને અમારા ગુરુપર્યંત વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા, રાગમાં ન હતા, નિમિત્તમાં ન હતા, ભેદમાંય ન હતા. એ બધા વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* જે ઈન્દ્રિયાદિનો વિજય થઈને ઉપયોગ માત્ર આત્માને ધ્યાવે છે, તે કર્મો વડે રંજિત થતો નથી, તેને પ્રાણો કઈ રીતે અનુસરે ?(તેને પ્રાણોનો સંબંધ થતો નથી.) ૧૪૫૨. *(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૧૫૧)*

* અમારા હૃદયમાં મહામોહજનિત ભ્રમ હતો, તેથી અમે જીવો પર દયા ન કરી. અમે પોતે પાપ કર્યા, બીજાઓને પાપનો ઉપદેશ આપ્યો અને કોઈને પાપ કરતાં જોયા તો તેનું સમર્થન કર્યું. મન, વચન, કાયાની પ્રવૃત્તિના નિજત્વમાં મગ્ન થઈને કર્મબંધ કર્યા અને ભ્રમજાળમાં ભટકીને અમે પાપી કહેવાયાં. પરંતુ જ્ઞાનનો ઉદય થવાથી અમારી એવી અવસ્થા થઈ ગઈ, જેવી સૂર્યનો ઉદય થવાથી પ્રભાતની થાય છે. ૧૪૫૩. *(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સર્વવિશુદ્ધિ દ્વાર, પદ-૯૧)*

* અર્હંતાદિકનું સ્વરૂપ વીતરાગ વિજ્ઞાનમય છે, એ વડે જ અર્હંતાદિક સ્તુતિ-યોગ્ય મહાન થયા છે. કારણ જીવતત્ત્વથી તો સર્વજીવો સમાન છે, પરંતુ રાગાદિ વિકાર વડે વા જ્ઞાનની હીનતા વડે તો જીવ નિંદા—યોગ્ય થાય છે તથા રાગાદિકની હીનતા વડે વા જ્ઞાનની વિશેષતા વડે સ્તુતિ-યોગ્ય થાય છે. હવે અર્હંત-સિદ્ધને તો સંપૂર્ણ રાગાદિકની હીનતા તથા જ્ઞાનની વિશેષતા થવાથી સંપૂર્ણ વીતરાગવિજ્ઞાનભાવ સંભવે છે તથા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને એકદેશ રાગાદિકની હીનતા તથા જ્ઞાનની વિશેષતાથી એકદેશ વીતરાગવિજ્ઞાનભાવ સંભવે છે માટે એ અર્હંતાદિક સ્તુતિયોગ્ય મહાન જાણવા. ૧૪૫૪.

*(શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.-૧, પાનુ-૫)*

* શરીરમેં જો આત્મબુદ્ધિ હૈ સો બંધુ, ધન ઈત્યાદિકકી કલ્પના ઉત્પન્ન કરાતી હૈ, તથા ઈસ કલ્પનાસે હી જગત અપની સંપદા માનતા હુઆ ઠગા ગયા હૈ. શરીરમેં ઐસા જો ભાવ હૈ કિ—'યહ મૈં આત્મા હી હૂઁ' ઐસા ભાવ સંસારકી સ્થિતિકા બીજ હૈ, ઈસ કારણ બાહ્યમેં નષ્ટ હો ગયા હૈ ઈન્દ્રિયોંકા વિક્ષેપ જિસકે ઐસા પુરુષ ઉસ ભાવરૂપ સંસારકે બીજકો છોડકર અંતરંગમેં પ્રવેશ કરો, ઐસા ઉપદેશ હૈ. ૧૪૫૫. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૩૨, શ્લોક-૨૧-૨૨)*

વર્ષ–૯
અંક–૪




વિ. સંવત
૨૦૭૧
December
A.D. 2014




# અરિહંત ભગવાનનું સ્વરૂપ

(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૫-૪-૪૪, મંગળવાર) (ગતાંકથી ચાલુ)



અરિહંતદેવનું સ્વરૂપ કેવું હોય તેનું વર્ણન ચાલે છે. અરિહંત ભગવાન અઢાર મહાદોષોથી રહિત હોય છે તે કહેવાયું અરિહંત વીતરાગ છે, કેવળજ્ઞાનસ્વરૂપ છે; તેમને ઓળખ્યા વગર આત્માની ખબર પડે નહીં અને આત્માની ખબર પડ્યા વિના ધર્મ થાય નહીં.

અરિહંતદેવનું સ્વરૂપ કહેતાં શ્રી વિદ્યાનંદિસ્વામી કહે છે કે :—

''सो धम्मो जत्थ दया सोवि तवो विसयणिग्गहो जत्थ।
दसअट्ठदोसरहिओ सो देवो णत्थि संदेहो।।''

''ધર્મ વહ હૈ જહાં દયા હૈ''—જ્યાં દયા છે તે ધર્મ છે.

દયાની વ્યાખ્યા :—આત્માના રાગાદિ રહિત સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને તેનું શરણ એ જ આત્માની દયા છે. પોતાના આત્માને પુણ્ય–પાપના ભાવમાં જતો અટકાવવો તે જ સ્વ–દયા છે તેમાં પર દયા સમાઈ જાય છે. ધર્મ પોતાનો સ્વભાવ છે; સ્વભાવમાં રાગાદી ન થવા દેવા એવો આત્માનો ભાવ તે દયા છે, અને તેમાં બીજાને અગવડતા દેવાનો ભાવ નથી તે પર દયા આવી જાય છે.

> વિદ્વેષ-રાગ-વિમોહજનિત મૃષા તણા પરિણામને
> જે છોડતા મુનિરાજ, તેને સર્વદા વ્રત દ્વિતીય છે. ૫૭. –શ્રી નિયમસાર

તપ કોને કહેવો? કે—"તપ વહી હૈ જહાં વિષયોંકા નિગ્રહ હૈ"—પાંચ ઈન્દ્રિયના વિષયો તરફથી ઈચ્છાને અટકાવી દેવી તે તપ છે, અથવા સ્વલક્ષ કરતાં પરવિષયની ઈચ્છા અટકી જવી તે તપ છે. સ્વ એટલે આત્મા, તેની અંદર દૃષ્ટિ થતાં સહજ સ્વભાવના લક્ષે પર લક્ષ છૂટી જાય છે.

જે અઢાર દોષ રહિત હોય તે જ દેવ છે. જે જન્મ-મરણ સહિત હોય કે જેને રાગ—દ્વેષ—ભય વગેરે હોય તે દેવ ન કહેવાય. ભગવાન અઢાર દોષ રહિત જ છે તેમાં શંકા ન કરવી.

વિદ્યાનંદિ આચાર્ય નિર્ગ્રંથ મુનિ હતા, તેઓ કહે છે કે :—

"अभिमतफलसिद्धेरभ्युपायः सुबोधः
स च भवति सुशास्त्रात्तस्य चोत्पत्तिराप्तात्।
इति भवति स पूज्यस्तत्प्रसादात्प्रबुद्धैः
न हि कृतमुपकारं साधवो विस्मरंति॥"

"આત્માનો વહાલો અંતર સ્વભાવ તેની સિદ્ધિનો (પ્રગટ કરવાનો) ઉપાય આત્મજ્ઞાન જ છે." પોતે કોણ છે તે જાણ્યા વિના તેમાં ઠરે નહિ, અને ઠર્યા વિના વીતરાગતા થાય નહીં, વીતરાગતા વગર કેવળજ્ઞાન થાય નહીં અને કેવળજ્ઞાન વગર મુક્તિ થાય નહીં.

આત્મા પોતે સુખ સ્વરૂપ છે, તે સુખનો ઉપાય આત્મજ્ઞાન છે. આત્માની રુચિ વગર પરની રુચિ ખસે નહિ. આત્માની પૂર્ણ સ્વતંત્રદશાનો ઉપાય સમ્યગ્દર્શન—જ્ઞાન અને ચારિત્ર જ છે; આત્મજ્ઞાન સુશાસ્ત્રથી જ થાય છે. વીતરાગ સિવાય બીજાના કથનથી આત્મભાન થાય નહીં; કારણ કે જેણે વસ્તુ સંપૂર્ણપણે જાણી નથી, તેના કથનમાં સંપૂર્ણ સત્ય આવે નહીં. સત્ય શાસ્ત્રની ઉત્પત્તિ આપ્ત મુખથી થાય છે.

આત્માની મુક્તિ આત્મજ્ઞાનથી, આત્મજ્ઞાન સુશાસ્ત્રથી અને સુશાસ્ત્રની ઉત્પત્તિ કેવળી ભગવાનથી થાય છે, આ કારણથી ડાહ્યા પુરુષોએ—આત્માનું હિત કરવાના કામી પુરુષોએ—તો કેવળી ભગવાનને જ પૂજવાયોગ્ય છે. જેના મુખકમળથી મુક્તિ આપે એવાં શાસ્ત્ર નીકળ્યા તે ભગવાનને જ ડાહ્યા પુરુષોએ પૂજવાયોગ્ય છે કેમકે સજ્જન પુરુષો—આત્માર્થી પુરુષો પોતા ઉપર કરેલો ઉપકાર ભૂલતા નથી. ઉપકાર અરિહંતદેવનો જ છે, માટે તેમનો આદર એ જ સજ્જન પુરુષોનું કર્તવ્ય છે.

**નગરે, અરણ્યે, ગ્રામમાં કો વસ્તુ પરની દેખીને**
**છોડે ગ્રહણપરિણામ જે, તે પુરુષને વ્રત તૃતીય છે. ૫૮. —શ્રી નિયમસાર**

પોતે પૂર્ણ દશા ન પામે ત્યાંસુધી કેવળી ભગવાનને ઉપકારી ગણી પૂજવાયોગ્ય છે. વીતરાગદેવ જો આત્માનો માર્ગ ન બતાવે તો જગતના પ્રાણીઓનું કલ્યાણ કેમ થાય? આત્માના ભાન વિના સંસારમાં રખડી દુઃખ ભોગવ્યા જ કરે; માટે સર્વજ્ઞ ભગવાન નિર્દોષ અને પરમ હિતોપદેશક છે તેથી તે પૂજવાયોગ્ય છે. (અહીં સર્વજ્ઞ ભગવાન પરમ હિતોપદેશી અને પૂજવાયોગ્ય છે એ બતાવવા માટે કથન છે.)

અરિહંત ભગવાન તો સ્વરૂપના આનંદના અનુભવમાં એકતાર છે, તેઓ ત્રિકાળના જાણનાર, પરમ હિતોપદેશક અને ભવ્યજીવોને કલ્યાણકારી છે. માટે આત્માના સુખના કામીએ અરિહંતને ઓળખીને તેમનું નિરંતર ધ્યાન કરવું યોગ્ય છે.

હવે ટીકાકાર પદ્મપ્રભમલધારી દેવ કહે છે કે :—

(માલિની)

''शतमखशतपूज्यः प्राज्यसद्बोधरज्यः स्मरतिरसुरनाथः प्रास्वदुष्टाष्टयूथः।
पदनतवनमाली भव्यपद्मांशुभाली दिशतु शमनिशं नो नेमिरानन्दभूमिः॥''

શ્રી નેમિનાથસ્વામી અમને સદાય સહાયરૂપ હો.

શ્રી નેમિનાથ સ્વામી કેવા છે? સો ઈન્દ્રોથી પૂજ્ય છે, તથા તેમની પાસે ત્રણકાળ ત્રણલોકને જાણનાર અતિશય સમ્યગ્જ્ઞાનરૂપી સ્વરાજ્ય છે; (રાજા રાજ્યને જાણે જ છે, કાંઈ બંગલા વગેરેને સાથે લઈ જતો નથી. માત્ર 'આ મારું' એમ મમતા સહિત જાણે છે.) વીતરાગદેવને કેવળજ્ઞાનદ્વારા ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન વર્તે છે, કેવળીએ જ્ઞાન કર્યું પણ મમતા ન કરી એ જ ખરું સ્વરાજ્ય છે. કામ ઉપર વિજય મેળવનાર લૌકાંતિક દેવોના નાથ (નેમિનાથ સ્વામી) છે. લૌકાંતિક દેવોની આઠ સાગરની જ સ્થિતિ છે, અને બ્રહ્મચારી છે, તેઓ પ્રભુને દીક્ષા પહેલાં કહે છે કે પ્રભુ! હવે જગતના જીવોનો ઉદ્ધાર કરવા નીકળો, એમ કહેવાનો આચાર છે; અહીં આચાર્યદેવે બ્રહ્મચર્ય સંબંધી વિકલ્પના કારણે તીર્થંકરમાં પણ બ્રહ્મચારી નેમિનાથસ્વામી અને દેવોમાં પણ બ્રહ્મચારી લૌકાંતિકદેવને લીધા છે. સર્વાર્થસિદ્ધિના દેવ તે સિદ્ધના પાડોશી અને લૌકાંતિકના દેવ તે તીર્થંકરના પાડોશી—બન્ને એકાવતારી છે.

જેમણે આઠ પ્રકારના દુષ્ટ કર્મોના સમૂહનો નાશ કર્યો છે, તથા જેમના ચરણોની

**સ્ત્રીરૂપ દેખી સ્ત્રી પ્રતિ અભિલાષભાવનિવૃત્તિ જે,**
**વા મિથુનસંજ્ઞારહિત જે પરિણામ તે વ્રત તુર્ય છે. ૫૯. –શ્રી નિયમસાર**

નારાયણ (શ્રીકૃષ્ણવાસુદેવ) અને બળભદ્ર (બળદેવ) સેવા કરે છે એવા શ્રી નેમિનાથસ્વામી ભવ્ય જીવરૂપી કમળને પ્રફુલ્લિત કરવામાં સૂર્ય સમાન છે; ભગવાનની વાણી સાંભળતાં ભવ્ય જીવોના હૃદયરૂપી કમળ ખીલી જાય છે. વળી જે આનંદની ભૂમિ છે, આનંદની ઉત્પત્તિનું ફળદ્રૂમ છે, જ્યાં આનંદ—આનંદ જ થઈ રહ્યો છે અર્થાત્ શ્રી નેમિનાથસ્વામીનો આત્મા પરમ આનંદમાં જામી ગયો છે; એવા નેમિનાથસ્વામી અમને સદાય સહાયરૂપ હો. આ રીતે છઠ્ઠી ગાથામાં અરિહંતનું સ્વરૂપ કહ્યું. (ક્રમશઃ)❋

**શાસ્ત્રવાંચન....વિચાર..શ્રવણ...મનન કરીને સંસ્કાર દંઢ કરતા મુમુક્ષુ**

## સમ્યગ્દર્શન પામશે.....પામશે....જ

**પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ આશીર્વાદ**

મીઠાં મધુરાં આવા શાસ્ત્રો છે, એને વાંચવાનો વખત લ્યે, એને વાંચે, વિચારે ને સંસ્કાર તો નાખે ! ભલે આ ભવે સમ્યગ્દર્શન ન થાય, પણ એના સંસ્કાર નાખીને પુણ્યબંધ કરે તો પણ એ સ્વર્ગમાં કે સારા મનુષ્યપણામાં જાય. બે-ચાર પાંચ કલાક વિચાર મંથન કરે કે રાગથી ભિન્ન આત્મતત્ત્વ શું ચીજ છે ? એમ રાગથી ભિન્ન પડવાના સમ્યક્ સંસ્કાર નાખે અને ભિન્ન પડવાના ભાવમાં પુણ્ય પણ સાથે છે તેથી તે જીવ ભલે આ ભવે સમ્યગ્દર્શન ન પામે તો પણ એ સ્વર્ગમાં કે સારા મનુષ્યભવમાં જઈને ત્યાં સમ્યગ્દર્શન પામશે, પામશે જ—એમ અહીં વાત છે, ન પામે એ વાત છે જ નહિ. અહીં તો પામશે જ— એ એક જ વાત છે, અપ્રતિહતની વાત છે, કેમ કે દરરોજ બે-ચાર કલાક આવી વાત સાંભળીને—વાંચીને એણે અંદર એવા સંસ્કાર નાખ્યા છે કે આ રાગ તે હું નહીં, પણ અંદર ચિદાનંદ ભગવાન તે હું—એમ સંસ્કાર નાખ્યા છે. જેમ માટીનું નવું માટલું હોય તેમાં પાણીનું ટીપું પડે તે ચૂસાઈ જાય પણ ચૂસાઈ જવા છતાં વધતાં વધતાં ઉપર આવે છે, તેમ ત્રણે કાળે ને ત્રણે લોકમાં રાગથી ભિન્ન છું, પુણ્યના પરિણામને ને મારે કોઈ સંબંધ નથી એવા જ્ઞાનના આત્મામાં સંસ્કાર પાડે તો પણ એ આગળ વધીને કાં તો સ્વર્ગમાં જઈને કાં તો મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે ત્યાં મનુષ્યપણે જન્મીને પોતાના આત્મકલ્યાણને—સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી લેશે જ. આવા માર્ગના જેને અંદરમાં સંસ્કાર બેસશે તેને પુણ્ય પણ ઘણું થઈ જાય, એવા જીવોને કાં તો સારું મનુષ્યપણું મળે કે જ્યાં—મહાવિદેહમાં ભગવાનનો યોગ હોય ને કાં તો સ્વર્ગમાં જાય ને પછી ભગવાન પાસે જાય. માટે શાસ્ત્રવાંચન-વિચાર-શ્રવણ-મનન કરવું ને આ સંસ્કાર નાખવા.

**—પૂજ્ય ગુરુદેવશ્રી**



# તત્ત્વનિર્ણયની દુર્લભતા

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, શ્રાવણ વદ ૧૩ બુધવાર)

૧૭–૧૯. માર્ગ-કુમાર્ગ-અમાર્ગ :—સર્વજ્ઞ ભગવાને કહેલો મોક્ષનો માર્ગ શું છે, તેનાથી વિપરીત કુમાર્ગ શું છે અને હિત-અહિતનો જ્યાં બિલકુલ વિચાર જ નથી, માર્ગ તરફનું વલણ જ નથી એવો અમાર્ગ શું છે તે જાણવું જોઈએ.

પ્રશ્ન :—અમાર્ગમાં તો માર્ગ તરફનું વલણ જ નથી, તો તે અમાર્ગ કરતાં તો કુમાર્ગ (ખોટો માર્ગ) સારો ને?

ઉત્તર :—એ બેમાંથી એકેય માર્ગ સારો નથી. સાચું ન સમજાય અને ઊંધી માન્યતાના લાકડાં ખોસી દે એ માર્ગને સારો કેમ કહેવાય? કુમાર્ગ અને અમાર્ગ બન્ને ખરાબ છે.

૨૦–૨૧. સંગતિ-કુસંગતિ :—સત્સંગ કોને કહેવો અને અસત્સંગ કોને કહેવો? સાચી વાત ક્યાંથી મળે છે? તે જાણવું જોઈએ.

૨૨–૨૩. સંસાર-મોક્ષ :—સંસાર અને મોક્ષ કોને કહેવા? સ્ત્રી, મકાન, લક્ષ્મી, કુટુંબ વગેરે પર પદાર્થોમાં આત્માનો સંસાર નથી. પણ શરીર મારું, હું પરનું કાંઈ કરી શકું, પુણ્યથી મને લાભ થાય, પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય એવા પ્રકારની ઊંધી માન્યતા તે સંસાર છે, તે આત્માની ક્ષણિક વિકારી અવસ્થા છે; અને પુણ્ય-પાપ રહિત સ્વભાવનું ભાન અને સ્થિરતા દ્વારા પૂરેપૂરી પવિત્રતારૂપ પોતાની નિર્મળ દશા તે મોક્ષ છે, તે પણ આત્માની અવસ્થા છે. મોક્ષ બહારથી આવતો નથી, તેમ જ મોક્ષ માટે ક્યાંય જવાનું નથી, પણ આત્મામાંથી જ પુરુષાર્થ દ્વારા મોક્ષદશા પ્રગટે છે.

પ્રશ્ન :—જૈનધર્મ તો બધાયથી અતડો (મેળ વગરનો) છે?

ઉત્તર :—જૈનધર્મ સ્વભાવ સાથે તદ્દન મેળવાળો છે. કોઈ અસત્ય ધર્મ સાથે આ સત્યાર્થ ધર્મને મેળ નથી, તેથી અસત્યથી તદ્દન અતડો છે. મેળ બેસાડવા ખાતર કાંઈ ઝેર અને અમૃતને સરખા ન મનાય! બ્રહ્મચારી હોય તે વેશ્યાવાડે જાય નહીં, તેમ

નિરપેક્ષ ભાવન સહિત સર્વ પરિગ્રહોનો ત્યાગ જે,
તે જાણવું વ્રત પાંચમું ચારિત્રભર વહનારને. ૬૦. –શ્રી નિયમસાર

જૈનધર્મની અન્ય ધર્મ સાથે સરખામણી હોય નહીં. મોક્ષદશામાં એક આત્મા બીજા આત્મામાં ભળી જતો નથી, પણ પૂર્ણ પવિત્રતા પ્રગટ કરી તે ભગવાન અનંતકાળ સુધી પોતાના સ્વરૂપની શાંતિ અને અનંત સુખનો ભોગવટો કરે છે. જગતના દુઃખ દેખીને ભગવાન અવતાર લેતા નથી; ભગવાન તો વીતરાગ છે. નિવૃત્તિ લઈને સત્સમાગમે સત્‌નો નિર્ણય કરવો જોઈએ. આ તત્ત્વનિર્ણય માટે પ્રયોજનભૂત રકમ કઈ કઈ છે તે કહેવાય છે.

૨૪–૨૫. જીવ-અજીવ :—જીવ કોને કહેવાય અને જડ કોને કહેવાય એ બન્નેનો યથાર્થ લક્ષણો દ્વારા નિર્ણય કરવો જોઈએ. હાથી, કીડી, માણસ વગેરે જીવ છે એમ લોકો કહે છે, પણ હાથી વગેરે તો શરીર છે, ને તે શરીર તો છૂટી જાય છે. તે શરીરમાં રહેલો જાણનાર તે જીવ છે, અને શરીર તે અજીવ છે. શરીર કાંઈ જીવ સાથે આવતું નથી, કેમકે તે જીવથી જુદી વસ્તુ છે, અજીવ છે. આત્મા તો અસંયોગી જ્ઞાન-આનંદની મૂર્તિ છે.

૨૬. આસ્રવ :—પુણ્ય-પાપના વિકારી ભાવ તે બન્ને આસ્રવભાવ છે. વ્રત, તપના વિકલ્પ પણ આસ્રવ છે. આત્માના ભાન વિના તો વ્રત, તપ કે ત્યાગ સાચા હોય જ નહીં. બાહ્ય લૌકિક નીતિ, સત્ય બોલવું વગેરે તથા ધર્મના બાનાની (એટલે કે ખરેખર ધર્મની નહિ પણ ધર્મના નામે માનેલી) શુભભાવની ક્રિયા તે પણ જૈનધર્મ નથી. તે આસ્રવ છે, વિકાર છે, બંધન છે. જૈનધર્મ તો આત્માનું વીતરાગ સ્વરૂપ છે; તેના ભાન વિના ભક્તિ, વ્રત, પૂજા વગેરેના શુભભાવ કરે તો પુણ્ય બંધાય. તે આસ્રવ છે, તેમાં ધર્મ નથી.

૨૭–૨૮. સંવર-નિર્જરા :—આત્માના ક્યા ભાવથી નવો આસ્રવ-બંધ રોકાય અને ક્યા ભાવથી પૂર્વના પુણ્ય-પાપનો અંશે અભાવ થાય, તેનો બરાબર નિર્ણય કરવો જોઈએ. આત્માના ભાન વિના સંવર-નિર્જરા યથાર્થ હોઈ શકે નહીં. લોકો માને છે કે રોટલા છોડી દીધા માટે તપ થયો અને નિર્જરા થઈ, ઉપવાસ કરતા શરીર સૂકાણું માટે અંદર ધર્મ થયો—એમ શરીર ઉપરથી ધર્મનું માપ કાઢે છે. પણ હજી ધર્મ તે શું ચીજ છે, અને તે ક્યાં છે તેની જ ખબર નથી. ધર્મસ્વરૂપ આત્માની ઓળખાણ વગર ધર્મ ક્યાંથી થાય? અને તે વિના સંવર-નિર્જરા થાય નહીં. આત્માના ભાન વિના કાળની નિર્જરા કરે એટલે કે એનો વખત ધર્મને માટે નકામો જાય.

**અવલોકી માર્ગ ધુરાપ્રમાણ કરે ગમન મુનિરાજ જે**
**દિવસે જ પ્રાસુક માર્ગમાં, ઈર્યાસમિતિ તેહને. ૬૧.** **–શ્રી નિયમસાર**

૨૯. બંધ :—પુણ્ય-પાપ બન્ને બંધન છે. પાપ છોડવા માટે પુણ્ય બરાબર છે, પણ ધર્મ પુણ્યથી જુદી ચીજ છે. જે ભાવે બંધ પડે તે ભાવે આત્માના અબંધ સ્વભાવરૂપ ધર્મ થાય નહિ.

વીતરાગમાર્ગમાં જરૂરીયાતની રકમોનો બરાબર નિર્ણય ન કરે અને ધર્મના નામે બાહ્ય પ્રવૃત્તિમાં રોકાય તો ભવ ઘટે નહીં, ધર્મ ન થાય.

૩૦. મોક્ષ :—પહેલાં ત્રેવીસમી રકમમાં 'મોક્ષ' આવ્યું હતું તે સંસાર અને મોક્ષ એ બે અવસ્થાની વાત હતી, અહીં સાત તત્ત્વમાંથી મોક્ષતત્ત્વની વાત છે.

૩૧–૩૬. જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ :–આ છએ દ્રવ્યો જગતની ત્રિકાળી વસ્તુઓ છે. જીવો અનંત છે, પુદ્‌ગલો અનંતાનંત છે; ધર્મ અને અધર્મ એ બે દ્રવ્યો આખા લોકમાં વ્યાપક છે. સર્વજ્ઞ વીતરાગદેવ સિવાય બીજાના મતમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યનું યથાર્થ સ્વરૂપ આવ્યું નથી. લૌકિક રીતે નિર્ણય કરી લેવો તે યથાર્થ નિર્ણય નથી. આકાશ તે સર્વ વ્યાપક વસ્તુ છે, અને કાળ દ્રવ્યના અસંખ્યાતા અણુઓ છે તે લોકાકાશમાં વ્યાપીને રહેલ છે.

૩૭. વસ્તુ :—વસ્તુ કોને કહેવાય? વસ્તુ ત્રિકાળ રહે, તેનો કદી નાશ થાય નહીં. દરેક વસ્તુ સ્વતંત્ર જ હોય, કોઈ દ્રવ્ય પરાધીન હોય નહિ.

૩૮–૪૦. દ્રવ્ય-ગુણ-પર્યાય :—દ્રવ્ય એટલે ગુણોનો સમુદાય. દરેક દ્રવ્યના ગુણ જુદા જુદા છે. વસ્તુના સર્વ ભાગમાં અને તેની ત્રણેકાળની સર્વ અવસ્થામાં રહે તે ગુણ છે. દરેક વસ્તુમાં અનંત ગુણ છે અને તે દરેક ગુણની સમયે-સમયે અવસ્થા બદલ્યા કરે છે—ગુણોનું પરિણમન થયા કરે છે—તેને પર્યાય કહે છે.

આવા શબ્દો પણ બીજે ક્યાંય સાંભળ્યા ન હોય. વસ્તુના જ્ઞાન વગર ધર્મ કરવા નીકળી પડ્યા, પણ ધર્મ તે ક્યાં છે તેનું ભાન ન મળે. બહારના ધનથી આત્માને કિંચિત્‌માત્ર લાભ નથી, અહીં તો આત્માના અંતર-ધનની વાત થાય છે. પૈસાથી લાભ નથી તેમ જ નુકશાન પણ નથી. પરવસ્તુ નુકશાન કરતી નથી પણ તે પ્રત્યેની મમતા નુકશાન કરે છે.

પ્રશ્ન :—પૈસા નુકશાન કરતા નથી, ત્યારે પૈસા રાખી મૂકવામાં વાંધો નથી ને?

ઉત્તર :—પૈસા નુકશાન કરતા નથી એમ કહ્યું તે સાચું, પણ તેમાં પૈસાની મમતા

**નિજસ્તવન, પરનિંદા, પિશુનતા, હાસ્ય, કર્કશ વચનને**
**છોડી સ્વપરહિત જે વદે, ભાષાસમિતિ તેહને. ૬૨. –શ્રી નિયમસાર**

કરવી અને પૈસા રાખી મૂકવાનો ભાવ કરવો તથા તૃષ્ણા ન ઘટાડવી એમ ક્યારે કહ્યું? તું તારા ભાવમાં પૈસા ઉપરની તૃષ્ણા ઘટાડને! ધનના પ્રમાણમાં મોહ નથી પણ તે પ્રત્યેની તૃષ્ણાના પ્રમાણમાં મોહ અને બંધન છે. કોઈને ઓછું ધન હોય અને મમતા ઘણી હોય, કોઈને ઘણું ધન હોય અને મમતા થોડી હોય.

દ્રવ્ય શું છે અને પર્યાય શું છે? તે જાણવું જોઈએ. સિદ્ધપણું તે દ્રવ્ય નથી, પણ આત્માની નિર્મળ પર્યાય છે. રાગ જીવની અવસ્થા છે કે જડની અવસ્થા છે, કઈ અવસ્થા ક્યા દ્રવ્યની છે વગેરે જે પ્રકારે છે તે પ્રકારે જાણવું જોઈએ.

૪૧. દ્રવ્ય-પર્યાય :—વસ્તુના આકારના ક્ષેત્રાંશને દ્રવ્યપર્યાય કહેવાય છે. દરેક દ્રવ્ય પોતપોતાના ક્ષેત્રમાં જ રહેલું છે. આત્મા અસંખ્ય પ્રદેશી છે તે તેનું સ્વક્ષેત્ર છે. 'એક જ આત્મા છે અને તે સર્વ વ્યાપક છે' એ વાત ખોટી છે. અનંતા જીવો છે તે દરેક ત્રણેકાળ જુદા જ છે, દરેકની દ્રવ્યપર્યાય જુદી જુદી છે.

પ્રશ્ન :—હાથીના શરીરમાં રહેલો જીવ કીડીના શરીરમાં કેવી રીતે સમાય?

ઉત્તર :—હાથીના શરીરમાં હોય ત્યારે જીવના અસંખ્ય પ્રદેશો તે આખા શરીરમાં વ્યાપી જાય છે અને કીડીના શરીરમાં સંકોચાઈ જાય છે, તોપણ આત્માના પ્રદેશોની સંખ્યામાં જરા પણ વધઘટ થતી નથી, કીડીનોય આત્મા અસંખ્ય પ્રદેશી છે અને હાથીનોય આત્મા અસંખ્ય પ્રદેશી છે. વળી આત્માના ગુણોમાં પણ વધઘટ થતી નથી. જેટલા ગુણો સિદ્ધ ભગવાનમાં છે તે બધા ગુણો દરેક આત્મામાં સદાય ભરેલા છે, અનાદિથી સંસારમાં હોવા છતાં જીવનો એક પણ ગુણ ઓછો થયો નથી. વસ્તુ સ્વતંત્ર છે, તે કોઈને આધીન નથી. આ વાત અપૂર્વ છે, એની એકવાર હા તો પાડ! હા પાડ તો સિદ્ધ છો અને ના પાડી તો નિગોદમાં જઈશ!

૪૨. અર્થપર્યાય :—પ્રદેશત્વગુણ સિવાયના બીજા ગુણોના પરિણમનને અર્થપર્યાય કહેવાય છે.

૪૩. વ્યંજનપર્યાય :—વ્યંજનપર્યાયને દ્રવ્યપર્યાય પણ કહેવાય છે. વસ્તુનો આકાર તે વ્યંજનપર્યાય છે. શરીરનો આકાર જુદો; આત્માના પ્રદેશોનો આકાર તે આત્માની વ્યંજનપર્યાય છે. વર્તમાન દેહ પ્રમાણે આત્માનો આકાર છે, પણ શરીરનો આકાર જુદો અને આત્માનો આકાર જુદો. કોઈ કોઈને પ્રેરણા કે મદદ કરતું નથી, બન્ને સ્વતંત્ર છે. (ક્રમશઃ) ❊

**અનુમનન-કૃત-કારિતવિહીન, પ્રશસ્ત, પ્રાસુક અશનને**
**–પરદત્તને મુનિ જે ગ્રહે, એષણસમિતિ તેહને. ૬૩. –શ્રી નિયમસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**एवं पेच्छंतो वि हु गह-भूय-पिसाय-जोइणी-जक्खं।**
**सरणं मण्णइ मूढो सुगाढ-मिच्छत्त-भावादो॥२७॥**

**અર્થ :—**એ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારથી અશરણતા પ્રત્યક્ષ દેખવા છતાં પણ મૂઢ મનુષ્ય, તીવ્ર મિથ્યાત્વભાવથી સૂર્યાદિ ગ્રહ, ભૂત, વ્યંતર, પિશાચ, જોગણી, ચંડિકાદિક અને યક્ષ જે મણિભદ્રાદિકનું શરણ માને છે. ૨૭.

અશરણપણું પ્રત્યક્ષ દેખાય છે કેમ કે જગતમાં કોઈ કોઈને મરતું બચાવી શકતું નથી. છતાં મૂઢ જીવો સૂર્ય વગેરે ગ્રહનું કે વ્યંતર મણિભદ્ર વગેરેનું શરણ માનીને તેની પૂજા કરે છે તે મૂઢતા છે. જાણે કે મને મૃત્યુથી કોઈ બચાવી દેશે—એમ મૂઢ જીવ માને છે. પણ અરે ભાઈ! દેહ તો સંયોગી અને અનિત્ય છે. તેનો વિયોગ થતો કોઈ અટકાવી શકે નહિ, માટે ચૈતન્યના શરણને ઓળખ! કોઈ દેવ–દેવલા મને નડે છે, માટે તેની પૂજા-માન્યતા કરીએ તો તે આપણું રક્ષણ કરે એવી જેની માન્યતા છે તે મૂઢ જીવ મિથ્યાત્વના મહાપાપને સેવે છે.

શરીરાદિ સંયોગી વસ્તુઓ છે. તે સંયોગનો તો વિયોગ જ થાય. સંયોગનો વિયોગ થાય, પણ સ્વભાવનો કદી વિયોગ થાય નહિ. અને પોતાના સ્વભાવ સાથે એકતા થઈ શકે પણ પર સંયોગની સાથે એકતા થઈ શકે નહિ, માટે સંયોગમાં શરણની બુદ્ધિ છોડ ને અંદરના સ્વભાવને શરણરૂપ જાણીને તેની સાથે એકતા કર. સંસારમાં બાહ્ય સંયોગ પુણ્ય હશે ત્યાં સુધી રહેશે જે ભૂતડાને કે ગ્રહ વગેરેને માને છે તેને તો પુણ્યની પણ શ્રદ્ધા નથી. પુત્રની આશાથી પીરને માને, મણિભદ્ર વગેરેને માને તે જીવો તો મહા મૂઢતાને સેવી રહ્યા છે. સર્વજ્ઞદેવનો ભક્ત કોઈને માને નહિ. પુણ્ય ન હોય તો જગતમાં કોઈ આપી દે તેમ નથી, અને પુણ્ય હશે તો જગતમાં કોઈ વિઘ્ન કરવા સમર્થ નથી. ધર્મી તો કહે છે કે સંયોગનું શરણ મારે નથી, ને પુણ્યનું શરણ પણ નથી. પુણ્ય પણ ક્ષણિક ચીજ છે. મારું શરણ તો મારો ચિદાનંદ આત્મા જ છે, આમ શરણભૂત આત્માના ભાન સહિત ધર્મીને અશરણભાવના નિરંતર હોય છે.

**શાસ્ત્રાદિ ગ્રહતાં–મૂકતાં મુનિના પ્રયત પરિણામને**
**આદાનનિક્ષેપણ સમિતિ કહેલ છે આગમ વિષે. ૬૪.** –શ્રી નિયમસાર

आउ-क्खएण मरणं आउं दाउं ण सक्कदे को वि।
तम्हा देविंदो वि य मरणाउ ण रक्खदे को वि॥२८॥

**अर्थ :—**કારણ કે આયુકર્મના ક્ષયથી મરણ થાય છે. વળી એ આયુકર્મ કોઈને કોઈ પણ આપવા સમર્થ નથી, માટે દેવોનો ઈન્દ્ર પણ મરણથી બચાવી શકતો નથી. ૨૮.

જે ક્ષણે જીવનું મરણ થવાનું હોય તે ક્ષણે કોઈ ઈન્દ્ર નરેન્દ્ર પણ તેને બચાવવા સમર્થ નથી; આયુષ્ય પૂરું થતાં મરણ થાય છે, બીજો કોઈ જીવ આયુષ્ય આપી શકતો નથી. દવાથી કે બીજા કોઈ પણ ઉપાયથી કોઈને મરતો બચાવી શકાતો નથી. બીજો જીવ કલ્પના કરે કે 'હું આને બચાવી દઉં'—તો તે તેની મિથ્યા કલ્પના છે. કોઈ જીવ કોઈને આયુષ્ય આપીને બચાવી શકે નહિ, તેમ જ કોઈ જીવ કોઈને મારી પણ શકે નહિ. જુઓ, આ અશરણપણું બતાવીને કહે છે કે તને તારા આત્મા સિવાય બીજું કોઈ શરણભૂત નથી માટે તું તારા આત્માની શ્રદ્ધા કર.

अप्पाणं पि चवंतं जइ सक्कदि रक्खिदुं सुरिंदो वि।
तो किं छंडदि सग्गं सव्वुत्तमभोयसंजुत्तं॥२९॥

**अर्थ :—**દેવોનો ઈન્દ્ર પણ પોતાને ચ્યવતો (મરતો) થકો રાખવાને સમર્થ હોત તો સર્વોત્તમ ભોગો સહિત જે સ્વર્ગનો વાસ તેને તે શા માટે છોડત? ૨૯.

અસંખ્ય દેવોનો સ્વામી ઈન્દ્ર, તેનું આયુષ્ય પણ જ્યાં પૂરું થાય ત્યાં સ્વર્ગમાંથી ચવતાં તે પોતે પોતાને રાખી શકતો નથી. સ્વર્ગના ઈન્દ્રને પણ આયુષ્ય પૂરું થતાં તેને મરણથી બચાવવા કોઈ શરણ નથી. તો અન્ય જીવોની તો શું વાત? જેને શરણભૂત ચૈતન્યનું ભાન નથી તે મરતાં ચૈતન્યના શરણરહિત અશરણપણે દેહ છોડે છે. અહો! જીવનમાં જેણે ચૈતન્યનું શરણ નથી જાણ્યું, ને દેહ, મકાન વગેરેને શરણભૂત માન્યાં છે એવા જીવો મરતાં અશરણપણે મરે છે.

હવે જીવને સાચું શરણ શું છે? તે બતાવે છે :—

दंसणणाणचरित्तं सरणं सेवेह परमसद्धाए।
अण्णं किं पि ण सरणं संसारे संसरंताणं॥३०॥

જે ભૂમિ પ્રાસુક, ગૂઢ ને ઉપરોધ જ્યાં પરનો નહીં,
મળત્યાગ ત્યાં કરનારને સમિતિ પ્રતિષ્ઠાપન તણી. ૬૫. –શ્રી નિયમસાર

**અર્થ :—**હે ભવ્ય ! તું પરમ શ્રદ્ધાપૂર્વક દર્શનજ્ઞાન-ચારિત્રસ્વરૂપ (આત્માના) શરણને સેવન કર. આ સંસારમાં પરિભ્રમણ કરતા જીવોને અન્ય કોઈ પણ શરણ નથી. ૩૦.

શરીર તો જડ પરમાણુઓનો પિંડ છે. તે પરમાણુઓમાં ચૈતન્યનું શરણ નથી; શરણભૂત પોતાનો ચૈતન્યસ્વભાવ છે. તે સ્વભાવમાં ભવ નથી; દુઃખ નથી. આમ પોતાના શરણભૂત સ્વભાવનું હે ભવ્ય! તું પરમ શ્રદ્ધાપૂર્વક સેવન કર. સ્વસંવેદ્ય જ્ઞાનાનંદ આત્માની નિઃશંકપણે શ્રદ્ધા કર. તેને જ પરમ શ્રદ્ધાપૂર્વક જાણ ને તેમાં રમણતા કર. શ્રદ્ધાજ્ઞાન-ચારિત્ર સ્વભાવી એવા તારા આત્માને જ શરણપણે જાણીને તેનું સેવન કર; એના સિવાય બહારમાં બીજું કોઈ શરણ નથી.

દીપડો આવતો દેખીને લોકો ભયથી ભાગે છે—જાણે કે ક્યાંક બહારમાં શરણ હોય! પણ અરે ભાઈ! અંદરમાં ચૈતન્યના શરણે જા. તો તને દીપડાનો કે કોઈનો ભય રહે નહિ. દીપડા તો શરીરને ખાય, પણ અંદર શરણભૂત ચિદાનંદ આત્માની પરમશ્રદ્ધા કરીને તેનું શરણ લીધું, ત્યાં જીવને પ્રતિકૂળતાનો ભય રહેતો નથી.

અહો! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે જે આત્માનું સ્વરૂપ છે, અને તે જ પોતાને શરણભૂત છે. કેમ કે પોતાથી ભિન્ન શરણ ન હોય. મુનિવરોને પણ પંચ મહાવ્રત વગેરેની જે વૃત્તિ ઊઠે તે ખરેખર આત્માનું સ્વરૂપ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ આત્માનું નિજ સ્વરૂપ છે, એમ જાણીને એ જ શરણને અંગીકાર કરો. આ સિવાય બહારમાં સ્ત્રી-પુત્ર વગેરે કોઈ શરણ નથી. લોકો કહે છે કે 'अपुत्रस्य गतिः नास्ति' તેનો અર્થ એમ સમજવો કે આત્માને સમ્યગ્દર્શનરૂપી પુત્ર વગર મોક્ષગતિ થતી નથી. આત્માની શુદ્ધોપયોગરૂપ પરિણતિ તે જ તેની ખરી રમણી છે. બહારની રમણી વગેરે કોઈ જીવને શરણરૂપ નથી. શુદ્ધ રત્નત્રયરૂપે પરિણમેલો પોતાનો આત્મા જ પોતાનું શરણ છે. શરીર તો નાશ થવા યોગ્ય છે. તેને કોઈ રોકી શકે નહિ.

વળી આ વાતને દ્રઢ કરે છે :—

**अप्पा णं पि य सरणं खमादिभावेहिं परिणदो होदि।**
**तिव्वकसायाविट्ठो अप्पाणं हणदि अप्पेण॥३१॥**

કાલુષ્ય, સંજ્ઞા, મોહ, રાગ, દ્વેષ આદિ અશુભના
પરિહારને મનગુપ્તિ છે ભાખેલ નય વ્યવહારમાં. ૬૬. —શ્રી નિયમસાર

**અર્થ :—** જે પોતાને ક્ષમાદિ દશલક્ષણરૂપ પરિણત કરે છે તે જ શરણ છે; પણ જે તીવ્રકષાયયુક્ત થાય છે તે પોતા વડે પોતાને જ હણે છે. ૩૧.

શુભાશુભભાવ રહિત આત્માના ચૈતન્યસ્વભાવનું ભાન કરીને, તેમાં એકાગ્રતાથી ઉત્તમ ક્ષમા વગેરે ધર્મરૂપે પોતાના આત્માને પરિણમાવવો તે જ શરણભૂત છે. અને હિંસાદિ તીવ્ર કષાય ભાવોરૂપે જે જીવ પરિણમે છે તે જીવ પોતે જ પોતાના આત્માની હિંસા કરે છે. હું પરને મારું—બચાવું—એવી જેની મિથ્યા માન્યતા છે તે જીવ મિથ્યા માન્યતાથી પોતે જ પોતાને હણે છે અને પોતાના શુદ્ધ ચિદાનંદસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્રતાથી વીતરાગ ભાવરૂપે જે પરિણમ્યો તે જીવ પોતે પોતાનું રક્ષણ કરનારો છે.

જીવ પોતે જ પોતાનું રક્ષણ કરનાર છે, ને પોતે જ પોતાનો ઘાત કરનારો છે. જ્યારે શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્રતાથી ઉત્તમ ક્ષમાદિ ધર્મરૂપે પરિણમે ત્યારે તે પોતે પોતાનું રક્ષણ કરે છે ને અવિનાશી પદ પામે છે, ને ચૈતન્યને મૂકીને મિથ્યાત્વ તથા કષાયભાવો કરે ત્યારે તે પોતે પોતાની હિંસા કરીને ચારગતિમાં અશરણપણે પરિભ્રમણ કરે છે, માટે ચિદાનંદસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરતાં તે જ એક મારું શરણ છે એમ નિરંતર ભાવના કરવી.

**વસ્તુસ્વભાવ વિચારથી, શરણ આપકો આપ;**
**વ્યવહારે પંચપરમગુરુ, અવર સકલ સંતાપ.**

વસ્તુસ્વરૂપ વિચારતાં તો ચિદાનંદ ભગવાન પોતે જ પોતાનું શરણ છે. નિત્યાનંદસ્વરૂપની પ્રતીત કરીને તેમાં અંદર ડૂબકી મારવી તે જ જગતમાં શરણ છે, અને વ્યવહારથી પંચ પરમેષ્ઠી ભગવંતો શરણરૂપ છે. પંચ પરમેષ્ઠીના લક્ષે અશુભ ટળીને શુભ થાય છે, તે અપેક્ષાએ તે વ્યવહારે શરણ છે, એ સિવાય બહારમાં જે શરણરૂપ માન્યું તે તો બધું મિથ્યા છે. બહારમાં શરણ માન્યું તે બધો સંતાપ છે. આત્માને બહારમાં કોઈ શરણ નથી, પોતાનું સ્વરૂપ જ શરણ છે.

આ રીતે બીજી અશરણ અનુપ્રેક્ષા પૂરી થઈ. (ક્રમશઃ) ❊

**સ્ત્રી-રાજ-ભોજન-ચોરકથની હેતુ છે જે પાપની**
**તસુ ત્યાગ, વા અલીકાદિનો જે ત્યાગ, ગુપ્તિ વચનની. ૬૭. –શ્રી નિયમસાર**

# શ્રી નાટક સમયસાર
# નિર્જરા અધિકારનો સાર

સંસારી જીવ અનાદિકાળથી પોતાનું સ્વરૂપ ભૂલેલા છે, એ કારણે પ્રથમ તો તેમને આત્મહિત કરવાની ભાવના જ થતી નથી, જો કોઈવાર આ વિષયમાં પ્રયત્ન પણ કરે છે તો સત્યમાર્ગ નહિ મળવાથી ઘણું કરીને વ્યવહારમાં લીન થઈને સંસારને જ વધારે છે અને અનંત કર્મોનો બંધ કરે છે પરંતુ સમ્યગ્જ્ઞાનરૂપી ખીલાનો સહારો મળતાં ગૃહસ્થ માર્ગ અને પરિગ્રહ-સંગ્રહની ઉપાધિ હોવા છતાં પણ જીવ સંસારની ચક્કીમાં પીસાતો નથી અને બીજાઓને જગતની જાળમાંથી છૂટવાનો રસ્તો બતાવે છે. તેથી મુક્તિનો ઉપાય જ્ઞાન છે, બાહ્ય આડંબર નથી અને જ્ઞાન વિના બધી ક્રિયા ભાર જ છે, કર્મનો બંધ અજ્ઞાનની દશામાં જ થાય છે. જેવી રીતે રેશમનો કીડો પોતાની જાતે જ પોતાની ઉપર જાળ વીંટે છે તેવી જ રીતે અજ્ઞાની પોતાની જાતે જ શરીર આદિમાં અહંબુદ્ધિ કરીને પોતાની ઉપર અનંત કર્મોનો બંધ કરે છે, પણ જ્ઞાનીઓ સંપત્તિમાં હર્ષ કરતા નથી, વિપત્તિમાં વિષાદ કરતા નથી, સંપત્તિ અને વિપત્તિને કર્મજનિત જાણે છે તેથી તેમને સંસારમાં ન કોઈ પદાર્થ સંપત્તિ છે ન કોઈ પદાર્થ વિપત્તિ છે, તેઓ તો જ્ઞાન-વૈરાગ્યમાં મસ્ત રહે છે. તેમને માટે સંસારમાં પોતાના આત્મા સિવાય બીજો કોઈ પણ પદાર્થ એવો નથી કે જેના પર તે રાગ કરે અને સંસારમાં કોઈ એવો પદાર્થ નથી જેના ઉપર તે દ્વેષ કરે. તેમની ક્રિયા ફળની ઈચ્છારહિત હોય છે તેનાથી તેમને કર્મબંધ થતો નથી, ક્ષણે ક્ષણે અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. તેમને શુભ-અશુભ, ઈષ્ટ-અનિષ્ટ, બન્ને એક સરખા છે અથવા સંસારમાં તેમને કોઈ પદાર્થ ન તો ઈષ્ટ છે કે ન અનિષ્ટ છે. તો પછી રાગ-દ્વેષ કોના ઉપર કરે ? કઈ ચીજના સંયોગ-વિયોગમાં લાભ-હાનિ ગણે ? તેથી વિવેકી જીવ લોકોની નજરમાં ચાહે ધનવાન હોય કે નિર્ધન હોય, તેઓ તો આનંદમાં જ રહે છે. જ્યારે તેમણે પદાર્થનું સ્વરૂપ સમજી લીધું અને પોતાના આત્માને નિત્ય અને નિરાબાધ જાણી લીધો તો તેમના ચિત્તમાં સાત પ્રકારનો ભય ઊપજતો નથી અને તેમને અષ્ટાંગ સમ્યગ્દર્શન નિર્મળ હોય છે, જેથી અનંત કર્મોની નિર્જરા થાય છે.

વધ, બંધ ને છેદનમયી, વિસ્તરણ-સંકોચનમયી
ઇત્યાદિ કાયક્રિયા તણી નિવૃત્તિ તનગુપ્તિ કહી. ૬૮. –શ્રી નિયમસાર

# સમ્યક્ત્વપૂર્વક વ્રતનો ઉપદેશ

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

પ્રશ્ન :—શાસ્ત્રમાં તો કહ્યું છે કે પહેલાં મુનિદશાનો ઉપદેશ દેવો. તમે તો પહેલાં સમ્યગ્દર્શનનો ઉપદેશ આપીને પછી મુનિદશાની વાત કરો છો? સમ્યગ્દર્શન વગર મુનિપણું હોય જ નહિ એમ કહો છો!

ઉત્તર :—એ બરાબર છે; શાસ્ત્રમાં પહેલાં મુનિપણાનો ઉપદેશ દેવાની જે વાત કરી છે, તે તો શ્રાવકપણું ને મુનિપણું એ બંનેની અપેક્ષાએ પહેલાં મુનિપણાની વાત કરી છે, પણ કાંઈ સમ્યગ્દર્શન પહેલાં મુનિપણું લઈ લેવાની વાત નથી કરી. સમ્યગ્દર્શન વગર તો મુનિધર્મ કે શ્રાવકધર્મ હોતો જ નથી. તેથી પહેલાં સમ્યગ્દર્શનની મૂળ વાત કરીને પછી મુનિધર્મ ને શ્રાવકધર્મની વાત કરી છે. (શાસ્ત્રમાં આવે છે કે ક્ષાયિકસમ્યગ્દષ્ટિ જીવોમાં દેશસંયમ કરતાં સીધું મુનિપણું લેનારા જીવો વધુ હોય છે.)

ભાઈ, આવું મનુષ્યપણું પામીને સમ્યક્ત્વસહિત જો મુનિદશા થાય તો કરજે, તે તો ઉત્તમ છે, ને જો એટલું તારી શક્તિની હીનતાથી ન થઈ શકે, તો શ્રાવકધર્મના પાલન વડે મનુષ્યભવની સાર્થકતા કરજે. આવો મનુષ્યઅવતાર ફરી ફરી મળવો દુર્લભ છે. આ શરીર ક્ષણમાં ફૂ થઈને તેનાં રજકણો હવામાં ઊડી જશે.—

રજકણ તારાં રખડશે જેમ રખડતી રેત,
પછી નરભવ પામીશ ક્યાં? ચેત ચેત નર ચેત!

જેમ એક ઝાડ લીલુંછમ હોય તે બળીને ભસ્મ થઈ જાય ને તેની રાખ હવામાં ચારેકોર ઊડી જાય; પછી ફરીને તે ઝાડના રજકણો ભેગા થઈને ફરીને તે જ સ્થળે તેવા જ ઝાડરૂપે પરિણમે —એ કેવું દુર્લભ છે! મનુષ્યપણું તો એના કરતાંય દુર્લભ છે.– માટે એને તું ધર્મસેવન વગર વિષય–કષાયોમાં વેડફી ન નાંખ.

જિનદર્શન વગેરે છ કાર્યો શ્રાવકને દરરોજ હોય છે. અહીં સમ્યગ્દર્શન સહિત શ્રાવકની મુખ્ય વાત છે; સમ્યગ્દર્શન પહેલાં જિજ્ઞાસુભૂમિકામાં પણ ગૃહસ્થને જિનદર્શન–પૂજા–સ્વાધ્યાય વગેરે કાર્યો હોય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખે નહિ,

**મનમાંથી જે રાગાદિની નિવૃત્તિ તે મનગુપ્તિ છે;**
**અલીકાદિની નિવૃત્તિ અથવા મૌન વાચાગુપ્તિ છે. ૬૯.** **–શ્રી નિયમસાર**

તેની ઉપાસના કરે નહિ તે તો વ્યવહારથી પણ શ્રાવક ન કહેવાય.

પ્રશ્ન :—દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો ભાવ એ તો પરાશ્રિતભાવ છે ને?

ઉત્તર :—એમાં ભેગો પોતાને ધર્મનો પ્રેમ પોષાય છે. સંસારસંબંધી સ્ત્રી-પુત્ર-શરીર-વેપાર વગેરે તરફનો ભાવ તેમાં તો પાપનું પોષણ છે, તેની દિશા બદલીને ધર્મના નિમિત્તો તરફનો ભાવ આવે તેમાં તો રાગની મંદતા થાય છે તથા ત્યાં સાચી ઓળખાણનો ને સ્વાશ્રયનો અવકાશ છે. ભાઈ, પરાશ્રયભાવ તો પાપ અને પુણ્ય બંને છે, પણ ધર્મના જિજ્ઞાસુને પાપ તરફનું વલણ છૂટીને ધર્મનાં નિમિત્તરૂપ દેવ-ગુરુ-ધર્મ તરફ વલણ જાય છે. એનો વિવેક ન કરે ને સ્વછંદે પાપમાં પ્રવર્તે કે કુદેવાદિને માને એને તો ધર્મી થવાની પાત્રતા પણ નથી.

સર્વજ્ઞ કેવા હોય, તેના સાધક ગુરુ કેવા હોય, તેમની વાણીરૂપ શાસ્ત્ર કેવાં હોય, તે શાસ્ત્રોમાં આત્માનો સ્વભાવ કેવો બતાવ્યો છે,–તેના અભ્યાસનો રસ હોવો જોઈએ. સત્શાસ્ત્રોની સ્વાધ્યાય તે જ્ઞાનની નિર્મળતાનું કારણ છે. લૌકિક નોવેલ ને ચોપાનિયાં વાંચે તેમાં તે પાપભાવ છે; જેને ધર્મનો પ્રેમ હોય તેને રોજરોજ નવાનવા વીતરાગી શ્રુતની સ્વાધ્યાયનો ઉત્સાહ હોય. લક્ષમાં તો એ છે કે જ્ઞાન મારા સ્વભાવમાંથી આવે છે, પણ એ સ્વભાવમાં એકાગ્ર નથી રહેવાતું ત્યારે શાસ્ત્ર-સ્વાધ્યાય દ્વારા વારંવાર તેનું ઘોલન કરે છે. સર્વાર્થસિદ્ધિના દેવો ૩૩ સાગરોપમ સુધી તત્ત્વચર્ચા કરે છે. બધાય દેવોને આત્માનું ભાન છે, એક ભવે મોક્ષ જવાના છે, બીજું કાંઈ કામ (વેપારધંધો કે રસોઈ-પાણી) તેમને નથી. ૩૩ સાગરોપમ એટલે અસંખ્યાત વર્ષો સુધી ચર્ચા કરતાં ય જેનું રહસ્ય પૂરું ન થાય એવું ગંભીર શ્રુતજ્ઞાન છે, તેના અભ્યાસનો ઘણો પ્રેમ ધર્મીને હોય; જ્ઞાનનો રસ હોય. ચોવીસે કલાક એકલી વિકથામાં કે વેપારધંધાના પરિણામમાં રચ્યો રહે ને જ્ઞાનના અભ્યાસમાં જરાય રસ ન લ્યે—એ તો પાપમાં પડેલા છે. ધર્મી શ્રાવકને તો જ્ઞાનનો કેટલો રસ હોય!

પ્રશ્ન :—પણ શાસ્ત્રઅભ્યાસમાં અમારી બુદ્ધિ ન ચાલે તો?

ઉત્તર :—એ બહાનું ખોટું છે. હા, કદાચ ન્યાય-વ્યાકરણ કે ગણિત જેવી બાબતમાં બુદ્ધિ ન ચાલે, પણ જો આત્માની સમજણનો પ્રેમ હોય તો શાસ્ત્રમાં આત્માનું

**જે કાયકર્મનિવૃત્તિ કાયોત્સર્ગ તે તનગુપ્તિ છે;**
**હિંસાદિની નિવૃત્તિને વળી કાયગુપ્તિ કહેલ છે. ૭૦.** **–શ્રી નિયમસાર**

સ્વરૂપ શું કહ્યું છે, તેને ધર્મ કઈ રીતે થાય—એ બધું કેમ ન સમજાય? ન સમજાય ત્યાં ગુરુગમે કે સાધર્મીને પૂછીને સમજવું જોઈએ; પણ પહેલેથી 'નહિ સમજાય' એમ કહીને શાસ્ત્રનો અભ્યાસ જ છોડી દ્યે એને તો જ્ઞાનનો પ્રેમ નથી.


સર્વજ્ઞદેવની ઓળખાણપૂર્વક સેવા–પૂજા, સન્ત–ગુરુ–ધર્માત્માની સેવા, સાધર્મીનો આદર–એ શ્રાવકને જરૂર હોય છે. ગુરુસેવા એટલે ધર્મમાં જે વડીલો છે. ધર્મમાં જે મોટા છે ને ઉપકારી છે તેમના પ્રત્યે વિનય–બહુમાનનો ભાવ હોય છે. શાસ્ત્રનું શ્રવણ પણ વિનયપૂર્વક કરે, પ્રમાદપૂર્વક કે હાથમાં પંખો લઈને હવા ખાતાં ખાતાં શાસ્ત્ર સાંભળે તે અવિનય છે. શાસ્ત્ર સાંભળવાના પ્રસંગે વિનયથી ધ્યાનપૂર્વક એનું જ લક્ષ રાખવું જોઈએ. આ ઉપરાંત ભૂમિકાને યોગ્ય રાગ ઘટાડીને સંયમ તપ ને દાન પણ શ્રાવક હંમેશાં કરે. આ ઉપરાંત શ્રાવકને વ્રત કેવાં હોય તે હવેની ગાથામાં કહેશે.

આ શુભકાર્યોમાં કાંઈ રાગને આદરવાનું નથી બતાવવું; પણ ધર્માત્માને શુદ્ધ દૃષ્ટિપૂર્વક કઈ ભૂમિકામાં રાગની કેટલી મંદતા હોય તે બતાવવું છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્માના કેડાયત, વનમાં વસનારા વીતરાગી સન્ત ૯૦૦ વર્ષ પહેલાં થયેલા પદ્મનંદી મુનિરાજે આ શ્રાવકધર્મનો પ્રકાશ કર્યો છે.

શ્રાવકને સર્વજ્ઞદેવની પૂજા, ધર્માત્માગુરુઓની સેવા, શાસ્ત્રસ્વાધ્યાય–તે કર્તવ્ય છે એમ વ્યવહારે ઉપદેશ છે. શુદ્ધોપયોગ કરવો એ તો પહેલાં વાત કરી, પણ તે ન થઈ શકે તો શુભની ભૂમિકામાં શ્રાવકને કેવાં કાર્યો હોય તે બતાવવા અહીં તેને કર્તવ્ય કહ્યું છે–એમ સમજવું. આમાં જેટલો શુભરાગ છે તે તો પુણ્યબંધનું કારણ છે, ને સમ્યગ્દર્શનસહિત જેટલી શુદ્ધતા છે તે મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન પામીને મોક્ષમાર્ગમાં જેણે ગમન કર્યું છે એવા શ્રાવકને રસ્તામાં કેવા ભાવો હોય છે તે ઓળખાવીને શ્રાવકધર્મનો ઉદ્યોત કર્યો છે. આવો મનુષ્યઅવતાર અને આવું ઉત્તમ જૈનશાસન પામીને, હે જીવ! તેને તું વ્યર્થ ન ગુમાવ; પ્રથમ તો સર્વજ્ઞ–જિનદેવને ઓળખીને સમ્યગ્દર્શન પ્રગટ કર, અને પછી મુનિદશાનાં મહાવ્રત ધારણ કર, જો મહાવ્રત ન બની શકે તો શ્રાવકનાં ધર્મોનું પાલન કર ને શ્રાવકનાં દેશવ્રત ધારણ કર. શ્રાવકના વ્રત કેવા હોય તે હવેની ગાથામાં કહે છે. (ક્રમશઃ) ❈

❈

ઘનઘાતિકર્મ વિહીન ને ચોત્રીસ અતિશય યુક્ત છે,
કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ યુક્ત શ્રી અર્હંત છે. ૭૧. –શ્રી નિયમસાર




## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૧૪

**'હું છું' એમ પોતાથી પોતાને અસ્તિત્વનું જોર આવે, પોતે પોતાને ઓળખે. પહેલાં ઉપર ઉપરથી અસ્તિત્વનું જોર આવે, પછી અસ્તિત્વનું ઊંડાણથી જોર આવે; એ વિકલ્પરૂપ હોય પણ ભાવના જોરદાર હોય એટલે સહજરૂપે જોર આવે. ભાવનાની ઉગ્રતા હોય તો સાચું આવવાનો અવકાશ છે. ૧૪.**

**'હું છું' એમ પોતાથી પોતાને અસ્તિત્વનું જોર આવે, પોતે પોતાને ઓળખે.**

હું છું, 'અસ્તિ' છું, મોજૂદગીવાળી ચીજ છું, હયાતી ધરાવનારી સત્તા છું, હોવાપણે રહેનાર એક વસ્તુ છું, એમ પોતાથી પોતાને—રાગથી નહિ, નિમિત્તથી નહિ, પણ પોતાથી પોતાને—અસ્તિત્વનું જોર આવે, 'હું છું' એમ નિજ અસ્તિત્વનું જોર આવે એટલે કે કાયમ હોવાપણે 'હું છું' એવું જોર અંદરમાં આવે, પોતે પોતાને ઓળખે. અહા! બહુ સાદી ભાષા!

પોતે પોતાને ઓળખે તો સમ્યગ્દર્શન થાય. પરને પોતાનું કરવું હોય તો કરી ન શકાય. ખરેખર તો રાગને પોતાનો કરવો હોય તો કરી ન શકાય; કેમ કે એક સમયની પર્યાય કૃત્રિમ છે. પોતે પોતાના સ્વરૂપે છે, તેના અંતરમાં જવું તે કરી શકાય છે. પોતે પોતાને ઓળખી શકે છે.

**'પહેલાં ઉપર ઉપરથી અસ્તિત્વનું જોર આવે, પછી અસ્તિત્વનું ઊંડાણથી જોર આવે; એ વિકલ્પરૂપ હોય પણ ભાવના જોરદાર હોય એટલે સહજરૂપે જોર આવે.'**

પહેલાં એના ખ્યાલમાં 'આ છે...છે...છે, વસ્તુ છે' એવું ઉપર-ઉપરથી એટલે વિકલ્પથી બાહ્ય જ્ઞાનની પર્યાયમાં પણ આવે. શું કહ્યું એ? અંદર હું ચીજ છું એવું પોતાથી પોતાને પોતાના હોવાપણાનું, અસ્તિત્વનું, સત્તાનું, મોજૂદગીનું જોર આવે ને જાણે કે અરે! આ મૂળ ચીજ છે તે તો સમજવી રહી ગઈ! વાતો કરે બધી ઉપરની, જિંદગીઓ પૂરી કરી નાખી, વ્રત પાળ્યાં, સામાયિકું કરી, પરંતુ અંદર વસ્તુ આખી

**છે અષ્ટ કર્મ વિનષ્ટ, અષ્ટ મહાગુણે સંયુક્ત છે,**
**શાશ્વત, પરમ ને લોક-અગ્રવિરાજમાન શ્રી સિદ્ધ છે. ૭૨. –શ્રી નિયમસાર**

પરમાત્માસ્વરૂપ છે તેના હોવાપણાનું પર્યાયમાં જોર આવ્યું નહિ ત્યાં સુધી અંતરમાં જઈ ક્યાંથી શકે? અંદરમાં ગયા વિના એનું તળિયું હાથ નહિ આવે; અને હાથ આવ્યા પછી પણ અંતરમાં—આનંદમાં—રમવા માંડે તેને ચારિત્ર કહેવાય છે. લોકો તો બહારની વ્રતાદિની ક્રિયામાં ને લૂગડાં છોડી દીધાં તેને ચારિત્ર કહે છે. ભાઈ! એમાં ધૂળે ય ચારિત્ર નથી. જીવ છેતરાઈ ગયો છે અનાદિથી.

પોતાની સત્તા ત્રિકાળ છે—એવું હોવાપણાનું જોર પહેલાં ઉપર-ઉપરથી આવે, પછી ઊંડાણમાંથી—અંદરમાંથી આવે. નિર્ણય કરવાનો પહેલાં વિકલ્પ હોય ખરો. સમયસારની ૭૩ મી ગાથાની ટીકામાં કહ્યું છે : ...પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા જે આ ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય કરું છું—એમ આત્મામાં નિશ્ચય કરીને, ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે એવો, નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માને અવલંબતો, વિજ્ઞાનઘન થયો થકો, આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.

પહેલાં વિકલ્પ દ્વારા નિર્ણય કરવો. હું એક, અનાદિઅનંત, અનંત ચૈતન્ય જેનું ચિન્હ છે એવી ચીજ છું. જેનો આદિ ને અંત નથી, વર્તમાન નિત્ય સ્વભાવથી ખાલી નથી, પ્રગટરૂપ છે જેનો નિજ સ્વભાવ, એવો હું એક પરમ પદાર્થ છું—એવો ઉપર-ઉપરથી એટલે કે વિકલ્પથી પહેલાં નિર્ણય કરે. પાંચે ઇંદ્રિયોના વિષયને લક્ષમાંથી છોડી દઈ એકલો પહેલાં માનસિક વિકલ્પથી નિર્ણય કરે. હજી એમાંય પણ ધીરજ ને નિવૃત્તિ કેટલી જોઈએ છે! એ વિકલ્પરૂપ હોય પણ ભાવના જોરદાર હોય એટલે સહજરૂપે જોર આવે. અંતરમાં જવાની ઉગ્રતા હોય—પુરુષાર્થની, તો વિકલ્પ તૂટીને અંતરમાં જવાનું સહજરૂપે જોર આવે. અંદરમાં જવાનો ભાવ હોય તો વિકલ્પ તૂટીને અંતરનું સ્વાભાવિક જોર આવે. અહા! અમૃત રેડ્યાં છે એકલાં! ભાષા સાદી—અમૃત છે. મધ્યસ્થપણું જો હોય તો એક વાર તો ગર્વ ઉતારી નાખે એવી વાત છે.

'મારું તત્ત્વ અસ્તિપણે છે' એવું પહેલાં વિકલ્પથી જોર આવે, પછી વિકલ્પ તૂટીને અંદરમાં ભાવના જોરદાર હોય એટલે સહજ જોર આવે. અહા! આવો ઉપદેશ ને આવી વાણી!

**'ભાવનાની ઉગ્રતા હોય તો સાચું આવવાનો અવકાશ છે.'**

**પરિપૂર્ણ પંચાચારમાં, વળી ધીર ગુણગંભીર છે,**
**પંચેંદ્રિગજના દર્પદલને દક્ષ શ્રી આચાર્ય છે. ૭૩. –શ્રી નિયમસાર**

નિશ્ચય એટલે સત્ય; વ્યવહાર એટલે આરોપિત વાતો. ભાવનાની ઉગ્રતા એટલે શું? વસ્તુ પૂર્ણ સ્વરૂપ છે—એમ તેના અસ્તિપણાનું સહજરૂપે જોર આવતાં અંતરમાં ભાવનાની ઉગ્રતાથી—ભાવ તો ત્રિકાળ વસ્તુ છે પણ તેની વર્તમાન દશામાં, વિકલ્પથી નહિ, નિર્વિકલ્પ ભાવનાના જોરથી—સાચું આવવાનો અવકાશ છે. ઉગ્રતા હોય, અંતરનાં તળિયાં લેવાનો—તળ તપાસવાનો—ભાવ જોરદાર હોય, તો સાચું આવવાનો—સત્ય સ્વરૂપ પ્રગટ થવાનો—ત્યાં અવકાશ છે.

અહા! આવી સાદી ગુજરાતી ભાષામાં પુસ્તક કેવું બહાર આવ્યું! ગુજરાતી અને હિન્દી એમ બે ભાષામાં થયું, હજુ બીજી અનેક ભાષામાં થશે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે એવી આ વાત છે બાપુ! આ વાત એવા કોઈ કાળે આવી ગઈ છે! વચનામૃત પુસ્તક હાથમાં આવ્યું ત્યારે મેં કહ્યું : આ પુસ્તક એક લાખ છપાવાં જોઈએ. રામજીભાઈએ કહ્યું : સવા લાખ છપાશે. અહા! વસ્તુ તો જુઓ! વીતરાગતાના ભાવનું કેવું રટણ ને લઢણ છે! દુનિયા દુનિયાનું જાણે.

૧૩ મા બોલમાં આવ્યું ને! કે 'હું જ્ઞાયક ને આ પર'. ત્યાં જ્ઞાયકનો અર્થ એ કે પરને—ગમે તે સ્થિતિ, અવસ્થા આદિ હોય તેને—પર તરીકે જાણનારો છું. પરને પર તરીકે જાણું છું એ પણ વ્યવહાર છે, કેમ કે પરને જાણવારૂપ પર્યાય પણ પોતામાં પોતાથી થાય છે. સમયસારની છઠ્ઠી ગાથાના ચોથા ચરણમાં આવ્યું ને!—'णाओ जो सो उ सो चेव' જ્ઞાયકપણે જાણવામાં આવ્યો તે તો તે જ (જ્ઞાયક જ) છે. ખરેખર તો જ્ઞાયક છે એમ જે જાણ્યું—એમાં પર છે તે મારામાં નથી, છતાં પર છે એવું જે જ્ઞાન થયું

—તે જ્ઞાન જ આત્માનું કાર્ય છે અને આત્મા જ તે જ્ઞાનનો કર્તા છે. જણાવાયોગ્ય ચીજ છે તેને જાણે છે, પણ જાણવારૂપ ભાવનો પર ચીજ કર્તા નથી. પરનું જે જ્ઞાન થાય છે તે પણ જ્ઞાનની પોતાની શક્તિના સામર્થ્યને લઈને થાય છે, કર્તા-કર્મ-કરણ વગેરે પોતાના ષટ્કારકથી થાય છે; તે જ્ઞાનપર્યાય જ્ઞેયની—પરની—અપેક્ષા રાખતી નથી. અહા! આવી ચીજ છે! ત્રણ લોકના નાથ જિનેન્દ્રદેવનો એ પોકાર છે નાથ! આત્મા નાથ છે ને! અહીં કહે છે ભાવનાની ઉગ્રતા હોય તો સાચું આવવાનો—સત્ય સ્વરૂપ પ્રગટવાનો—અવકાશ છે. ૧૪ મો બોલ પૂરો થયો.

❀

રત્નત્રયે સંયુક્ત ને નિઃકાંક્ષભાવથી યુક્ત છે,
જિનવરકથિત અર્થોપદેશે શૂર શ્રી ઉવઝાય છે. ૭૪. –શ્રી નિયમસાર

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—નવતત્ત્વના વિચાર તો પૂર્વે અનંતવાર કર્યો છે, તોપણ લાભ કેમ ન થયો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ, પૂર્વે જે નવતત્ત્વના વિચાર કર્યા તેના કરતાં આ કાંઈક જુદી રીતની વાત છે. પૂર્વે નવતત્ત્વના વિચાર કર્યા તે અભેદસ્વરૂપના લક્ષ વગર કર્યા છે, ને અહીં તો અભેદસ્વરૂપના લક્ષ સહિતની વાત છે. પૂર્વે એકલા મનના સ્થૂળ વિષયથી નવતત્ત્વના વિચારરૂપ આંગણા સુધી તો આત્મા અનંતવાર આવ્યો છે, પણ ત્યાંથી આગળ વિકલ્પ તોડી ધ્રુવ ચૈતન્યતત્ત્વમાં એકપણાની શ્રદ્ધા કરવાની અપૂર્વ સમજણ શું છે તે ન સમજ્યો તેથી ભવભ્રમણ ઊભું રહ્યું.

શ્રોતા :—તિર્યંચને જ્ઞાન ઝાઝું ન હોવા છતાં તેને આત્મા પકડાય છે ને અમે ઘણી મહેનત કરીએ છતાં કેમ આત્મા પકડાતો નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઈ જાતનું પ્રમાણ આવવું જોઈએ. તે આવતું નથી. જ્ઞાનમાં જેટલું એનું વજન આવવું જોઈએ તે આવતું નથી, જ્ઞાનમાં એનું જોર જોઈએ એ જોર આવતું નથી એટલા પ્રકારથી એને સ્પૃહા—આશા છૂટવી જોઈએ તે છૂટતી નથી. તેથી કાર્ય આવતું નથી—આત્મા પકડાતો નથી.

શ્રોતા :—શુદ્ધનયનો પક્ષ થયો છે એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—શુદ્ધનયનો પક્ષ એટલે એને શુદ્ધાત્માની રુચિ થઈ છે. અનુભવ હજુ થયો નથી પણ રુચિ એવી થઈ કે તે અનુભવ કરે જ, પણ એ કાંઈ ધારીને સંતોષ કરવાની વાત નથી. કેવળી એ જીવને એમ જાણે છે કે આ જીવની રુચિ એવી છે કે તે અનુભવ કરશે જ. એ જીવને એવું જ્ઞાયકનું જોર વીર્યમાં વર્તે છે.

શ્રોતા :—ઘણા વખતથી તત્ત્વનો અભ્યાસ કરવા છતાં આત્મા પ્રાપ્ત કેમ થતો નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે, એના અતીન્દ્રિય આનંદની તાલાવેલી જાગે, આત્મા સિવાય બીજે ક્યાંય મીઠાશ લાગે નહિ,

બીજે ક્યાંય રસ પડે નહિ, જગતના પદાર્થોનો રસ ફીકો લાગે, સંસારના રાગનો રસ ઊડી જાય. અહો! જેના આટલા આટલા વખાણ થાય છે એ આત્મા અનંતાનંત ગુણોનો પુંજ પ્રભુ છે કોણ ? એમ આશ્ચર્ય થાય, એની લગની લાગે, એની ધૂન ચડે એને આત્મા મળે જ, ન મળે એમ બને જ નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય આવે. કારણ આપ્યા વિના કાર્ય આવતું નથી. કારણની કચાશના લઈને કાર્ય આવતું નથી. આત્માના આનંદ સ્વરૂપની અંદરથી ખરેખરી લગની લાગે, તાલાવેલી લાગે, સ્વપ્નમાં પણ એનું એ જ રહે, તેને આત્મા પ્રાપ્ત થાય છે.

શ્રોતા :—આત્માનું સ્વરૂપ જ્ઞાનમાં આવવા છતાં વીર્ય બહારમાં કેમ અટકતું હશે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે વિશ્વાસ આવવો જોઈએ તે આવતો નથી, તેથી અટકે છે. જાણપણું તો અગિયાર અંગનું થઈ જાય પણ ભરોંસો આવવો જોઈએ તે આવતો નથી. ભરોંસે ભગવાન થઈ જાય પણ એ ભરોંસો આવતો નથી તેથી ભટક્યા–ભટક કરે છે.

શ્રોતા :—તેમાં રુચિની ખામી છે કે ભાવભાસનમાં ભૂલ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—મૂળ તો રુચિની જ ખામી છે.

શ્રોતા :—અમે તત્ત્વનિર્ણય કરવાનો ઉદ્યમ તો કરીએ, પણ ત્યાં વચ્ચે પ્રતિકૂળતા આવી પડે તો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જેને તત્ત્વનિર્ણય કરવો છે તેને તત્ત્વનિર્ણયમાં પ્રતિકૂળતા કાંઈ છે જ નહિ. પ્રથમ તો સંયોગ આત્મામાં આવતો જ નથી, સંયોગ તો આત્માથી જુદો જ છે, માટે પ્રતિકૂળસંયોગ ખરેખર આત્મામાં છે જ નહિ. વળી બાહ્ય સંયોગ તો સાતમી નરકમાં અનંતો પ્રતિકૂળ છે, છતાં ત્યાં પણ અનાદિનો મિથ્યાદૃષ્ટિ જીવ તત્ત્વનિર્ણય કરીને સમ્યગ્દર્શન પામી જાય છે. માટે પ્રતિકૂળતા આત્માને નડતી નથી.

જેને આત્માની જિજ્ઞાસા જાગી છે, સાચા દેવ-ગુરુ નિમિત્તપણે મળ્યા છે તેને તત્ત્વનિર્ણયની અનુકૂળતા જ છે. તેને કાંઈ પ્રતિકૂળતા છે જ નહિ. તત્ત્વનિર્ણય કરવા માટે સાચા દેવ-ગુરુ અનુકૂળ છે ને અંતરમાં પોતાનો આત્મા અનુકૂળ છે, જેને સાચા દેવ-ગુરુ નિમિત્ત તરીકે મળ્યા ને અંતરમાં આત્માની રુચિ થઈ તેને બધુ અનુકૂળ જ છે. તેને બીજી કોઈ પ્રતિકૂળતા નડતી જ નથી.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

શ્રોતા :—અમે તો શુભ પરિણામથી આગળ જઈ શકતા જ નથી, તો શું કરવું ?

પૂજ્ય બહેનશ્રી :—વિકલ્પ વચ્ચે આવે એટલે કે શુભભાવ આવે, પણ શુભની પાછળ તેની ગતિ જ્ઞાયક તરફ રહેવી જોઈએ. વિકલ્પમાં ઊભો છે, એટલે વચ્ચે વિકલ્પ આવ્યા કરે છે; પરંતુ તેની પાછળ શુદ્ધાત્માનું ધ્યેય હોય કે તે કેમ પ્રગટ થાય ? તેવી પરિણતિ અંદરમાં પ્રગટ કરવા માટે પ્રયત્ન કરે તો થાય, વારંવાર તેની પાછળ પડે તો થાય. ન થાય ત્યાં સુધી તે જાતનો પ્રયત્ન કર્યા કરવો. હું જ્ઞાન છું, દર્શન છું એવા શુભ વિકલ્પની પાછળ આત્માનો જ્ઞાનસ્વભાવ છે તેને ગ્રહણ કરવો. ગુણભેદ ઉપર નહિ, એક અખંડ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની છે. પરંતુ અનાદિનો બહારનો અભ્યાસ થઈ ગયો છે એટલે થતું નથી. મંદ મંદ પુરુષાર્થ કરે તો ન થાય, ક્ષણે ક્ષણે તે જાતનો ઉગ્ર પુરુષાર્થ કરે તો થાય. ક્ષણે ક્ષણે તેનું જીવન જ્ઞાયકમય થઈ જાય તો પ્રગટ થાય.

શ્રોતા :—જીવને જેવો જેવો કર્મનો ઉદય આવે તેવું થાય તેમાં પોતે શું કરી શકે ?

પૂજ્ય બહેનશ્રી :—બહારના સંયોગો મળવા, પૈસા મળવા, આ બધું મળવું તેમાં પુણ્ય-પાપ કારણ છે. પણ અંદરમાં જે રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પ થાય છે તે કર્મો નથી કરાવતાં, કર્મ તેમાં નિમિત્ત છે. જો રાગ-દ્વેષ કર્મ કરાવે તો પોતે પરાધીન થઈ ગયો. તો આપણે કોઈને એમ ન કહી શકીએ કે તું રાગ કર મા, દ્વેષ કર મા. તો ઉપદેશ કેવી રીતે અપાય કે તું દોષ કર મા ? તું અહીંથી પાછો વળ, તું આમ કર મા, એમ કેવી રીતે કહી શકાય ? પોતે જ દોષ કરે છે ને પોતે જ પાછો વળે છે. માટે પુરુષાર્થ કરવામાં પોતે સ્વતંત્ર છે. પોતાનાં પરિણામ જે થાય છે તે કરવામાં પોતે સ્વતંત્ર છે; પોતાનાં પરિણામ કેમ કરવાં તે પોતાના હાથની વાત છે, પણ બહારમાં જે ઉદયો

> **નિર્ગ્રંથ છે, નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે,**
> **ચૌવિધ આરાધન વિષે નિત્યાનુરક્ત શ્રી સાધુ છે. ૭૫.** **–શ્રી નિયમસાર**

આવે—જેમ કે શરીરમાં રોગ આવે, અશાતા વેદનીય આવે, કોઈને ધન મળે, કોઈને ન મળે – તે બધાને પોતે ફેરવી નથી શકતો. કોઈને ધંધો સારો મળે, કોઈને ન મળે તે ફેરવી નથી શકતો; પણ પોતાના ભાવને પોતે કરી શકે છે. રાગ-દ્વેષ કેટલા કરવા અને કેમ કરવા તે પોતે કરી શકે છે. તો જેમ રાગ-દ્વેષ કરી શકે છે તેમ પોતે શાંતિ પણ રાખી શકે છે. ગમે તેવા સંયોગો આવે તો પણ આકુળતા ન કરવી, બહુ ખેદ ન કરવો.

તેણે જેમ કરવું હોય તેમ તે કરી શકે છે. પોતે પોતાનો સ્વભાવ ઓળખવો, વિભાવથી છૂટું પડવું, આત્મામાં જવું, તે બધું પોતે સ્વતંત્રપણે કરી શકે છે. ભાવ કરી શકે છે, પણ બહારનું નથી કરી શકતો. બહાર બધું પુણ્યાધીન છે, પણ આ રાગ-દ્વેષ ટાળીને અંતરમાં જવું તે સ્વાધીન છે. જો જીવ રાગ-દ્વેષ પણ ટાળી ન શકે તો પરાધીન થઈ જાય. રાગ કર્મ કરાવે, દ્વેષ કર્મ કરાવે, હવે હું શું કરું ? આમ જો પોતે કાંઈ ન કરી શકતો હોય તો ઉપદેશ નકામો જાય. આચાર્યો પણ એમ કહે છે કે તું રાગ-દ્વેષ કર મા, તું વિકલ્પ કર મા, તું શાંતિ રાખ. તે બધો ઉપદેશ વ્યર્થ જાય. માટે પોતે પરિણામ કરી શકે છે, પોતે શાંતિ રાખી શકે છે. કર્મ જ બધું કરાવતું હોય તો ઉપદેશ શાને માટે ? કર્મ જીવના ભાવને કરાવી શકતું નથી. પોતે રાગ-દ્વેષમાં જોડાય છે તે પોતાના હાથની વાત છે. મૂળ સ્વભાવ ઓળખીને પુરુષાર્થ કરવામાં પોતે સ્વતંત્ર છે.

શ્રોતા :—આત્માનો સાક્ષાત્કાર કરવામાં ટાઈમ લાગે તો અમારે શું કરવું ?

પૂજ્ય બહેનશ્રી :—જ્યાં સુધી રાગ-દ્વેષ-મોહમાં રોકાણો છે ત્યાં સુધી ટાઈમ લાગે. માટે જ ગુરુ અને આચાર્યો કહે છે કે તું પુરુષાર્થ કરીને તારી તરફ જા. તું ભેદજ્ઞાન કર. આ રાગ તે તારું સ્વરૂપ નથી, દ્વેષ તે તારું સ્વરૂપ નથી, તું તેનાથી જુદો છે. તું જાણનારો છો, રાગાદિનો જ્ઞાતા થઈ જા, સાક્ષી થઈ જા, તે તારું સ્વરૂપ નથી. તું પુરુષાર્થ કર એટલે જે વિકલ્પો છે તે શાંત થઈ જશે. ભેદજ્ઞાન કરીને આગળ જા. પહેલાં રાગ-દ્વેષ છૂટી નથી શકતા. તેનાથી ભેદજ્ઞાન થાય ને સ્વભાવ ઓળખે કે આ મારો સ્વભાવ છે. આ બધા કષાયો મારાથી જુદા છે, હું તેનાથી જુદો છું એમ ભેદજ્ઞાન કરે. પછી ધીરે ધીરે પુરુષાર્થ કરીને તેમાં લીનતા કરતો કરતો સ્વાનુભૂતિની ઉગ્રતા કરે છે.

**આ ભાવનામાં જાણવું ચારિત્ર નય વ્યવહારથી;**
**આના પછી ભાખીશ હું ચારિત્ર નિશ્ચયનય થકી. ૭૬.　　–શ્રી નિયમસાર**

## બાળ વિભાગ

## સત્યઘોષની કથા

(૧) અહિંસાણુવ્રતમાં યમપાલ ચાંડાલ (૨) સત્યાણુવ્રતમાં ધનદેવ શેઠ (૩) અચૌર્યાણુવ્રતમાં શ્રેણિકપુત્ર વારિષેણ (૪) બ્રહ્મચર્યાણુવ્રતમાં વૈશ્ય પુત્રી નીલી તથા (૫) પરિગ્રહપરિમાણવ્રતને લીધે જયકુમાર પ્રસિદ્ધિ પામ્યા. આ પાંચ અણુવ્રતોની કથાઓ ગતાંકોમાં જોઈ. હવે ઉપરોક્ત પાંચ અણુવ્રતો પૈકી તેના પ્રતિપક્ષીભૂત હિંસાદિ અવ્રતોની કથામાં ધનશ્રી શેઠાણીએ હિંસાને લીધે અનેક પ્રકારનું દુઃખ અનુભવ્યું તે કથા ગતાંકમાં જોઈ હવે સત્યઘોષ પુરોહિત અસત્ય બોલવાના કારણે દુઃખ પામ્યો તે કથા આપવામાં આવે છે.

જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં સિંહપુર નગરમાં સિંહસેન રાજા હતો. તેને રામદત્તા નામની રાણી હતી અને શ્રીભૂતિ નામનો પુરોહિત હતો. તે (પુરોહિત) પોતાની જનોઈએ નાનું ચપ્પુ બાંધીને ફરતો હતો અને કહેતો હતો કે, ‘‘જો હું અસત્ય બોલું તો આ ચપ્પા વડે હું મારી જીભ કાપી નાખું.’’ એ રીતે કપટથી વર્તતાં તેનું સત્યઘોષ એવું બીજું નામ પડ્યું. લોકો તેના ઉપર વિશ્વાસ રાખી તેની પાસે પોતાનું ધન મૂકી જતાં. તે દ્રવ્યમાંથી કંઈક તેમને (રાખવાવાળાને) પાછું આપી, બાકીનું સ્વયં લઈ લેતો. લોકો તેનો બૂમાટ કરતાં ડરતા હતા. રાજા પણ તે બૂમાટ સાંભળતો નહિ.

હવે એક દિવસ પદ્મખંડનગરથી આવીને સમુદ્રદત્ત નામના વણિકપુત્રે ત્યાં સત્યઘોષની પાસે પાંચ અમૂલ્ય માણેક રાખી બીજે કાંઠે (દેશે) ધન કમાવા ગયો. ત્યાં તે કમાઈને પાછો ફરતો હતો ત્યારે (રસ્તામાં) તેનું વહાણ ભાંગ્યું. તે લાકડાના એક પાટિયાની મદદથી સમુદ્ર તરી ગયો અને રાખેલા માણિક્ય લેવાની ઈચ્છાથી સિંહપુરમાં સત્યઘોષ પાસે આવ્યો. તેને એક ગરીબ જેવો આવતો જોઈને, તે માણિક્યને લઈ લેવાની (હડપ કરવાની) ઈચ્છા કરતા સત્યઘોષે, વિશ્વાસ બેસાડવા માટે પોતાની પાસે બેઠેલા પુરુષોને કહ્યું, ‘‘આ પુરુષનું વહાણ તૂટી જવાથી તે પાગલ થઈ ગયો છે, તે અહીં આવીને માણેક (રત્નો) માગશે.’’

તે આવ્યો અને પ્રણામ કરીને બોલ્યો, ‘‘રે સત્યઘોષ પુરોહિત! હું ધન કમાવા સારું ગયેલો, પરંતુ ધન કમાઈને આવતાં મારા પર ઘણું સંકટ આવી પડ્યું, એમ જાણીને મેં તમને જે રત્નો સાચવવા સોપ્યાં હતાં તે હવે મહેરબાની કરીને મને આપો; જેથી વહાણ ભાંગવાથી દ્રવ્યહીન થયેલી મારી જાતનો હું ઉદ્ધાર કરું.’’

તે વચન સાંભળીને કપટથી સત્યઘોષે સમીપ બેઠેલા લોકોને કહ્યું, ‘‘જુઓ, મેં

તમને પહેલાં જે વાત કહી હતી તે સત્ય નીકળી.'' તેમણે કહ્યું, ''આ પાગલ છે તે આપ જાણો છો. આ સ્થાનેથી તેને કાઢી મૂકો.'' એમ બોલીને સમુદ્રદત્તને તેઓએ પાગલ કહી કાઢી મૂક્યો. નગરમાં પોકારીને તે (સમુદ્રદત્ત) કહેવા લાગ્યો, કે ''સત્યઘોષે મારાં પાંચ અમૂલ્ય રત્નો લઈ લીધાં છે'' અને રાજગૃહની નજીકમાં એક આમલીના વૃક્ષ ઉપર ચડીને છ મહિના સુધી પાછલી રાત્રે તેમ પોકારતો રહ્યો. તેના પોકાર સાંભળીને રામદત્તાએ સિંહસેનને કહ્યું, ''દેવ! આ માણસ પાગલ નથી.''

રાજાએ પણ કહ્યું, ''શું સત્યઘોષને ચોરી સંભવે છે?'' રાણીએ ફરીથી કહ્યું, ''દેવ! તેને ચોરી સંભવે છે કારણ કે એ (માણસ) સદા આવું જ વચન બોલે છે.''

એ સાંભળી રાજાએ કહ્યું, ''જો સત્યઘોષને ચોરી સંભવતી હોય તો તમે પરીક્ષા કરો.'' આદેશ પ્રાપ્ત કરીને રામદત્તાએ રાજસેવા માટે આવતા સત્યઘોષને બોલાવી પૂછ્યું, ''આટલા બધા મોડા કેમ આવ્યા છો?'' તેણે કહ્યું, ''મારી બ્રાહ્મણીનો ભાઈ આજે મહેમાન તરીકે આવ્યો હતો, તેને જમાડતાં બહુ વખત લાગ્યો.'' રાણીએ ફરીથી કહ્યું, ''થોડીક વાર અહીં બેસો, મને ઘણું કૌતુક થયું છે. આપણે અક્ષયક્રીડા કરીએ (ચોપાટ ખેલીએ).'' રાજા પણ ત્યાં આવી ગયો. તેણે પણ 'એમ કરો' એમ કહ્યું.

પછી જ્યારે જુગાર રમાતો હતો, ત્યારે રામદત્તા રાણીએ નિપુણમતિ નામની સ્ત્રીને કાને લગાડી (કાનમાં) કહ્યું, ''સત્યઘોષ પુરોહિત રાણી પાસે બેઠો છે, તેણે મને પાગલનાં રત્નો માગવા મોકલી છે,—એમ તેની બ્રાહ્મણીની આગળ કહીને તે (રત્નો) માગીને જલદી આવ.''

પછી નિપુણમતિએ જઈને તે (રત્નો) માંગ્યાં, પહેલાં તો તે બ્રાહ્મણીએ બહુ નકાર કરી તે આપ્યાં નહિ. તે દાસી સ્ત્રીએ આવીને રાણીના કાનમાં કહ્યું, ''તે આપતી નથી.'' પછી તેના ઓળખાણ ચિહ્ન તરીકે પુરોહિતની જીતેલી વીંટી આપીને તેને ફરીથી મોકલી. છતાં તેણે ન આપ્યાં. પછી તેનું ચપ્પુ અને જનોઈ જીતી લીધેલાં તે તેના ઓળખાણ–ચિહ્ન તરીકે આપ્યાં અને તે (બ્રાહ્મણી)ને બતાવ્યાં. તે જોઈને તે દુષ્ટ બ્રાહ્મણીએ 'નહિ આપું તો પુરોહિત ગુસ્સે થશે' એવા ભયથી તે રત્નો તે વિલાસીની–દાસીને દીધાં અને દાસીએ રામદત્તાને સોંપ્યાં. તેણે રાજાને બતાવ્યાં. રાજાએ તે રત્નોને બહુ રત્નોમાં ભેળવ્યાં અને પાગલને બોલાવી કહ્યું, ''રે, તારાં પોતાનાં રત્નો ઓળખીને લઈ લે.''

તેણે તે જ (પોતાનાં જ રત્ન) ગ્રહણ કર્યાં, ત્યારે રાજા અને રાણીએ તેને

વણિકપુત્ર શેઠ તરીકે સ્વીકાર્યો. અર્થાત્ ત્યારે તેઓએ જાણ્યું કે તે પાગલ નથી પણ વણિકપુત્ર છે. પછી રાજાએ સત્યઘોષને પૂછ્યું, "તેં આ કાર્ય કર્યું છે?"

તેણે કહ્યું, "દેવ! મેં કર્યું નથી. શું મને આવું કરવું યોગ્ય છે?" પછી બહુ ગુસ્સે થયેલા રાજાએ તેને ત્રણ શિક્ષાઓ કરી. "૧. ત્રણ થાળી છાણનું ભક્ષણ કર. ૨. મલ્લના મુક્કાઓનો માર સહન કર, અથવા ૩. સર્વ ધન આપી દે." તેણે વિચાર કરીને પહેલાં છાણ ખાવાનું શરૂ કર્યું. તે ખાઈ નહિ શકવાથી મુક્કા—માર સહન કરવાનું શરૂ કર્યું. તે સહન નહિ થવાથી દ્રવ્ય આપવું આરંભ્યું. તેમ કરવા અશક્ત હોવાથી તેણે છાણનું ભક્ષણ કર્યું અને વળી મુક્કા—માર પણ ખાધો.

એ રીતે ત્રણ શિક્ષાઓ ભોગવી તે મરણ પામ્યો અને અતિ લોભના લીધે રાજાના ભાંડાગારમાં અંગધન જાતિનો સાપ થયો. ત્યાંથી પણ મરીને દીર્ઘ સંસારી થયો.

### ✻ ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય 'આચાર્યપદવી દિન' સમારોહ ✻

પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના 'આચાર્યપદવી દિન'નો ઉત્સવ માગશર વદ ૮, તા. ૧૪-૧૨-૨૦૧૪ રવિવારના રોજ ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિશેષ પૂજન-ભક્તિના કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

### ✻ ચૌદમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર ✻

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવનાયોગે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં ચૌદમી બાલ સંસ્કાર શિબિર તા. ૨૫-૧૨-૨૦૧૪ ગુરુવારથી તા. ૩૦-૧૨-૨૦૧૪ મંગળવાર સુધી શ્રી રમણીકલાલ લાલચંદ દોશી, નરેન્દ્રભાઈ નરોત્તમદાસ બાવીશી હ. સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી, ઘાટકોપરના સૌજન્યથી આયોજિત થઈ રહી છે તેથી સર્વે મુમુક્ષુઓને નિવેદન છે કે તેઓ પોતાના બાળકોને લઈને શિબિરનો લાભ લેવા માટે અવશ્ય પધારે. બાલસંસ્કાર શિબિરાર્થી બાળકો તથા યુવકોને જાણ કરવામાં આવે છે કે દરેક વર્ષની જેમ આ વર્ષે પણ શિબિરમાં રાત્રિના સમયે ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, તો તેમાં ભાગ લેવા ઈચ્છનારા શિબિરાર્થીઓ યથાયોગ્ય તૈયારી સાથે શિબિરમાં આવે. શિબિરાર્થીઓ ગતવર્ષના અભ્યાસક્રમનું અધ્યયન કરી શિબિરમાં આવે.

**નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૭.　　　–શ્રી નિયમસાર**

## દીપાવલી પ્રસંગે પ્રથમ બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર સોનગઢમાં સાનંદ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળ–દાદરના સૌજન્યથી તથા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા આયોજિત પ્રથમ બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર તા. ૨૪-૧૦-૧૪ થી તા. ૨૮-૧૦-૧૪ના રોજ સાનંદ સંપન્ન થઈ.

તા. ૨૪-૧૦-૧૪ના રોજ સવારે પૂજ્ય ગુરુદેવશ્રીની કલ્યાણકારી સીડી પ્રવચન પછી પરમાગમ મંદિરમાં આ શિબિરનો ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ પી. વોરાની અધ્યક્ષતામાં તથા સૌજન્યકર્તા દાદરમંડળના સભ્યો તથા મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં મંગલ દીપ પ્રગટાવી પ્રારંભ કરવામાં આવ્યો.

શિબિરાર્થી બાળકો માટે સુવર્ણપુરીના વિવિધ જિનાલયોમાં અભિષેક-પૂજન, પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન, તથા પંચસ્તરીય શિક્ષણવર્ગ દિવસમાં ત્રણ કલાક ચાલતા હતા. આ શિક્ષણવર્ગોમાં શ્રી રાજુભાઈ કામદાર, શ્રી સુભાષભાઈ શેઠ, શ્રી રમેશભાઈ મહેતા, શ્રી નિરંજનભાઈ ડેલીવાળા, શ્રી અતુલભાઈ કામદાર, શ્રી નિતિનભાઈ શેઠ, બ્ર. આશાબેન, બ્ર. કોકિલાબેન, શ્રીમતી મીનાબેન કામદાર વગેરે દ્વારા સુંદર અધ્યાપન કરાયું હતું. તદ્ઉપરાંત રાત્રે બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું. તદુપરાંત એક દિવસે રાત્રે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલી બાળસંસ્કાર સિંચન નામની ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. આ શિબિરનો ૧૪૫ બાળકો તથા ૧૦૦ અન્ય મુમુક્ષુઓએ લાભ લીધો હતો. શિબિરનો લાભ લેવા માટે ગુજરાત, સૌરાષ્ટ્રના મંડળો તથા હિન્દી પ્રદેશોમાંથી પણ બાળકો તથા વાલીઓ આવ્યા હતા. આ શિબિરની વ્યવસ્થામાં કહાનપુષ્પ પરિવારના સભ્યોનો સહયોગ પ્રશંસનીય છે. શિબિરાર્થીઓને આવાસ તથા ભોજનની સુંદર વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી. શિબિરાર્થીઓ તથા અન્ય મહેમાનોને શિબિરના દરેક કાર્યક્રમ ખૂબ જ ગમ્યા હતા.

---

### સુવર્ણપુરીથી વાંચનકારોને આમંત્રણ આપવા માટે

કેટલાંક મંડળોની માંગણી છે કે પર્યુષણ પર્વ સિવાય પણ અષ્ટાહ્નિકા, પ્રતિષ્ઠા વાર્ષિક દિન વગેરે પ્રસંગોએ પ્રવચન માટે વાંચનકારોને સુવર્ણપુરીથી મોકલવા. સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે આ વિનંતી સ્વીકાર કરેલ છે. જે મંડળને વાંચનકારની જરૂરિયાત હોય તેણે સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢને લેખિત અથવા **email**થી જાણ કરવી અને તેમાં મંડળના સંપર્કસૂત્રનો ફોન નંબર અવશ્ય જણાવવો. મંડળનો પત્ર મળ્યા બાદ ટ્રસ્ટ વિનંતી અનુસાર ઘટતુ કરશે.

### email થી આત્મધર્મ મેળવવા બાબત

આત્મધર્મના જે ગ્રાહકો ઈમેલથી આત્મધર્મ મેળવવા માગતા હોય તેઓએ નક્કી કરેલા ફોર્મમાં પોતાનો ગ્રાહક નંબર જણાવવો તથા પોતાનો **email ID** લખવો જેથી તેમને આત્મધર્મના બદલે તેમને આત્મધર્મ તેમના email પર મોકલવામાં આવશે. ફોર્મ વેબસાઈટ ઉપરથી મેળવી લેવું.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી નિયમસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

શ્રી તારાબેન હિંમતલાલ શાહ, હાલ ભાયંદર મુંબઈ(તે બ્ર. જિનમતીબેનનાં બેન) તા. ૧૧-૦૬-૨૦૧૪ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

સ્વ. નવલબેન લાલચંદભાઈ મોદી, રાજકોટ (આ. પં. શ્રી લાલચંદભાઈ મોદીના ધર્મપત્ની) (ઉ.વ. ૯૪)નો તા. ૨૮-૦૭-૨૦૧૪ના રોજ દેહવિલય થયો છે. તેઓને પરમાગમમંદિર પ્રતિષ્ઠા વખતે માતા-પિતા બનવાનો લાભ મળ્યો હતો.

રાજકોટનિવાસી શ્રીમતી માલતીબેન સુરેશભાઈ દફતરી તા. ૧૯-૯-૨૦૧૪ના દિવસે દેહ પરિવર્તન કરેલ છે.

ગઢડાનિવાસી હાલ હૈદ્રાબાદ પ્રભુદાસભાઈ જગજીવનદાસ કામદાર (ઉ.વ. ૮૮) તા. ૨૪-૦૯-૨૦૧૪ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

વાંકાનેરનિવાસી (હાલ અમદાવાદ) મહેતા જટાશંકર ફૂલચંદના સુપુત્ર ચિ. મનહરલાલનો તા. ૨૫-૧૦-૨૦૧૪ના દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૧૯)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ વાક્યોમાંથી જેના જવાબ સાચા હોય તેની આગળ ✓ નિશાની કરો અને જેના જવાબ ખોટા હોય તેની આગળ ✕ નિશાની કરો.

(૩૬૧) છ પ્રકારના દ્રવ્યોમાં પ્રભુત્વશક્તિ માત્ર જીવને જ હોય છે. .........

(૩૬૨) યથાર્થપણે જીવ જો વ્રત-તપાદિ કરે તો મિથ્યાત્વ જરૂર ટળે .........

(૩૬૩) હમેશા દેશનાલબ્ધિથી જ્ઞાન થાય છે. .........

(૩૬૪) આત્માના આનંદનો અનુભવ ઈન્દ્રોના સુખ કરતાં અનંતગણું હોય છે. .........

(૩૬૫) આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પાડવા તે બંધનું કારણ છે. .........

(૩૬૬) ફક્ત બે ગતિમાં સંજ્ઞી પંચેન્દ્રિય, સમ્યક્દર્શન, સુઅવધિજ્ઞાન હોય છે. .........

(૩૬૭) ચોથા ગુણસ્થાવર્તી સમ્યક્દ્રષ્ટિ જીવને પોતાની નબળાઈથી વેપારનો, લગ્નનો અને લડાઈનો રાગ આવે છે. .........

(૩૬૮) સમ્યક્દર્શન, જ્ઞાન. ચારિત્રની નિર્મળ પર્યાય બહિરતત્ત્વ છે. .........

(૩૬૯) જેને અગૃહિત મિથ્યાત્વ ટળી ગયું તેને ગૃહીત મિથ્યાત્વ ન જ હોય. .........

(૩૭૦) ચોથા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધીની જે નિર્મળદશા છે તે ખરેખર જીવની છે. .........

(૩૭૧) માનસ્તંભના દર્શન કરતા મિથ્યાદ્દષ્ટિનું મિથ્યાત્વ ચાલ્યું જતું નથી. .........

(૩૭૨) ધર્મ પ્રગટાવવાં બંને નયો આદરણીય છે. .........

(૩૭૩) દર છ માસ ને આઠ સમયમાં ૬૦૮ જીવો મુક્તિ પામે છે. તો એક દિવસે સંસારી જીવોનો અભાવ થઈ જશે. .........

(૩૭૪) જીવે ૧૨ અંગ અને ૧૪ પૂર્વનું જ્ઞાન કર્યું છતાં પણ ભવભ્રમણ ટળ્યું નથી. .........

(૩૭૫) સમવસરણના વૈભવ વડે ખરેખર ભગવાનની પ્રભુતા છે. .........

(૩૭૬) પાંચ ઈન્દ્રિયોના જ્ઞાનનો ઉઘાડ એક સાથે હોય પણ તેનો ઉપયોગ એક સાથે ન હોય. .........

(૩૭૭) કેવળજ્ઞાન થતાં જીવને પાંચેય જ્ઞાન એક સાથે હોય છે. .........

(૩૭૮) જ્ઞાની જીવને ચોથા ગુણસ્થાન સુધી રાગ હોય છે. .........

(૩૭૯) એક સમયનું કેવળજ્ઞાન એ અપરમભાવ છે. .........

(૩૮૦) પૂજ્ય બહેનશ્રીને સમ્યક્દર્શન વાંકાનેરમાં થયું હતું. .........

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન નવેમ્બર-૨૦૧૪ના ઉત્તર

(૩૪૧) ×
(૩૪૨) ✓
(૩૪૩) ×
(૩૪૪) ×
(૩૪૫) ×
(૩૪૬) ×
(૩૪૭) ✓
(૩૪૮) ×
(૩૪૯) ×
(૩૫૦) ×

(૩૫૧) ×
(૩૫૨) ×
(૩૫૩) ×
(૩૫૪) ✓
(૩૫૫) ×
(૩૫૬) ✓
(૩૫૭) ✓
(૩૫૮) ×
(૩૫૯) ✓
(૩૬૦) ×

## (૧૯)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તરો આ ડિસેમ્બરના અંકમાંથી જ મળશે.)

(૩૬૧) અરિહંત ભગવાન .................. મહાદોષોથી રહિત હોય છે.

(૩૬૨) જ્યાં વિષયોનો નિગ્રહ છે તેને .................. કહેવામાં આવે છે.

(૩૬૩) સજ્જન પુરુષો પોતા ઉપર કરેલા ..................... ને ભૂલતા નથી.

(૩૬૪) ભગવાન ..................ઈન્દ્રોથી પૂજ્ય હોય છે.

(૩૬૫) લૌકાંતિક દેવોનું આયુષ્ય ......................... સાગરનું હોય છે.

(૩૬૬) આત્માના સંસ્કાર માટે શાસ્ત્ર વાંચન........................ મનન કરવું જોઈએ.

(૩૬૭) તત્ત્વનિર્ણયની દુર્લભતાના હેડિંગ નીચે ................. શાસ્ત્રનું પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન આપવામાં આવ્યું છે.

(૩૬૮) પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય એવી મિથ્યા માન્યતાને .................... કહે છે.

(૩૬૯) પુણ્ય અને પાપ બન્ને વિકારી ભાવને ....................... ભાવ કહે છે.

(૩૭૦) આત્માના ભાન વિના ................ અને ................ ભાવ યથાર્થ હોઈ શકે નહીં.

(૩૭૧) પ્રદેશત્વગુણ સિવાયનાં બાકીના સંપૂર્ણ ગુણોના વિશેષ કાર્યને ..................... કહે છે.

(૩૭૨) પરદ્રવ્યનાં નિમિત્તથી થતી વિકારી આકારની અવસ્થાને ............................ પર્યાય કહે છે.

(૩૭૩) પોતાનું શરણને પોતાનો ...................... આત્મા જ છે.

(૩૭૪) ......................... વગર સાચું મુનિપણું હોય જ નહીં.

(૩૭૫) ........................ ની ઉગ્રતા હોય તો સાચું આવવાનો અવકાશ છે.

(૩૭૬) જેટલું ..................... આપે તેટલું જ કાર્ય થાય જ.

(૩૭૭) બાળ વિભાગમાં ..................... પુરોહિતની કથા આપવામાં આવી છે.

(૩૭૮) વનમાં વસનારા પદ્મનંદિ મુનિરાજ ................... વરસ પહેલાં થયા હતા.

(૩૭૯) સુવર્ણપુરીમાં ૪૧ ફૂટ ઉંચા ........................ ભગવાન બિરાજમાન થવાના છે.

(૩૮૦) ડિસેમ્બર વેકેશનમાં બાળ સંસ્કાર શિબિર ..................... માં થવાની છે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન નવેમ્બર–૨૦૧૪ના ઉત્તર

(૩૪૧) પુરરવા
(૩૪૨) નંદ
(૩૪૩) ત્રિપૃષ્ઠ
(૩૪૪) અમિતકીર્તિ, અમિતપ્રભ
(૩૪૫) સિંહકેતુ
(૩૪૬) પ્રિયમિત્ર
(૩૪૭) ૧૭૮
(૩૪૮) ૭૧ ૬ ૧૭
(૩૪૯) સંજય અને વિજય
(૩૫૦) જાતિસ્મરણ
(૩૫૧) ચંદ્રપ્રભા
(૩૫૨) નાગખંડ
(૩૫૩) કુલપાક
(૩૫૪) વૃષભદત્ત
(૩૫૫) ઋજુવાલિકા
(૩૫૬) ૧૧ - ૧૪૦૦૦
(૩૫૭) ૩ - ૮ - ૧૫
(૩૫૮) વિપુલાચલ પર્વત - અષાઢ વદ એકમ
(૩૫૯) ૨૫૦
(૩૬૦) ચંદના સતી

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

✻ મરણનો સમય આવશે તે કાંઈ પૂછીને નહિ આવે કે લ્યો હવે તમારે મરવાનો કાળ આવ્યો છે. અરે! સ્વપ્ના જેવો સંસાર છે. કોના કુટુંબ ને કોના મકાન મિલ્કત! એકદમ ફુ થઈને ક્ષણમાં દેહ છૂટી જશે. કુટુંબ કીર્તિ ને મકાન બધું અહીં પડ્યું રહેશે. અંદરથી ભગવાનને છૂટો પાડ્યો હશે તો મરણ સમયે છૂટો રહેશે. જો દેહની ભિન્નતા નહિ કરી હોય તો મરણ સમયે ભીંસમાં ભીંસાઈ જશે, માટે ટાણા છે ત્યાં દેહથી ભિન્નતા કરી લેવા જેવું છે. ૮૭.

✻ સમ્યગ્દષ્ટિને રાગ કે દુઃખ નથી એમ કહ્યું છે એ તો દૃષ્ટિની પ્રધાનતાથી કહ્યું છે પણ પર્યાયમાં જેટલો આનંદ છે તેને પણ જ્ઞાન જાણે છે અને જેટલો રાગ છે એટલું દુઃખ પણ સાધકને છે તેમ જાણે છે. પર્યાયમાં રાગ છે, દુઃખ છે તેને જો જાણે નહિ તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલ છે. સમ્યગ્દષ્ટિને દૃષ્ટિનું જોર બતાવવા આસ્રવ નથી તેમ કહ્યું છે પણ જો આસ્રવ સર્વથા ન હોય તો મુક્તિ હોવી જોઈએ. ૮૮.

✻ રાગ છે તે ચૂડેલ ડાકણ સમાન છે, રાગનો પ્રેમ કરવાથી એ તને ખાઈ જશે—ભરખી જશે. પાપરાગની તો શું વાત! પણ શુભરાગ કે જેણે હજારો રાણી છોડીને રાજપાટ છોડીને પંચમહાવ્રતના શુભરાગમાં પ્રેમ કર્યો છે તે આનંદસ્વરૂપ આત્માને ઘાયલ કરે છે, મારી નાખે છે. વીતરાગભાવ ધર્મ છે તેને રાગભાવથી ધર્મ મનાવે તે વીતરાગના વેરી છે. પાપી મિથ્યાદૃષ્ટિ છે. ૮૯.

✻ (જેમ મુસાફર) એક ગામથી બીજે ગામ જાય તોય ભાતું સાથે લઈને જાય છે તો બીજા ભવમાં જવા માટે કાંઈ ભાતુ હોય કે નહિ? શ્રદ્ધા-જ્ઞાનનું ભાતું સાથે લઈને જવું જોઈએ. બાયડી સામે જોવે તો પાપ, છોકરા સામું જોવે તો પાપ, પૈસા સામું જોવે તો પાપ, પર સામું જોતાં બધે પાપ.....પાપ ને પાપ છે. અરે! ક્યાં એને જવું છે? રાગ અને હું એક છું, એવું મિથ્યાત્વનું ભાતું લઈને જવું છે? રાગથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ હું છું, એવું ભાતું સાથે લઈ જાય તો આગળ વધવામાં એને કામ આવશે. અંદરમાં અસંખ્ય પ્રદેશમાં ઊંડે ઊંડે તળીયે ધ્રુવમાં પર્યાયને લઈ જવાની છે. એ તો ધીરાના—વીરાના કામ છે. ૯૦.

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૧૪
અંક-૪ ✻ વર્ષ-૯

Posted at Songadh PO
Publish on 1-12-2014
Posted on 1-12-2014

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## ધર્મની વ્યાખ્યા

વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. સ્વભાવ તો ત્રિકાળ છે અને ધર્મ તો વર્તમાન ક્ષણિક પર્યાય છે છતાં અહીં ત્રિકાળ સ્વભાવનો નિર્ણય કરીને એમાં વળીને અભેદ થાય છે. તેથી સ્વભાવને પણ ધર્મ કહ્યો છે બધા આત્માને ત્રિકાળ સ્વભાવ તો છે પણ વસ્તુસ્વભાવને ધર્મ કેમ કહ્યો ? કે પર તરફનું લક્ષ છોડાવી સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે. એમ બતાવીને વસ્તુસ્વભાવમાં ધર્મની પર્યાય અભેદ થાય છે. માટે એને ધર્મ કહ્યો છે. ધર્મ બહારની ક્રિયામાં તો નથી પણ દયા, દાન, ભક્તિ, પૂજાના શુભભાવ થાય એમાં પણ નથી. આખા જગતના જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું તે આત્માનો ધર્મ છે. એમ નિર્ણય થયો એ જ ધર્મ છે. અભેદની અપેક્ષાએ ત્રિકાળી સ્વભાવને ધર્મ કહ્યો છે. પર્યાયમાં ધર્મ થાય છે. એ ધર્મની વાત નથી. કેમકે તે ભેદ—વિવક્ષામાં જાય છે. જેમ ગોળનો ગળપણ, મીઠાનો ખારો, અફીણનો કડવો અને લીંબુનો ખાટો સ્વભાવ છે એમ આત્માનો જ્ઞાન-દર્શન સ્વભાવ છે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org